dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-275 | AD-2025, Ashadh Sud-14 | Wednesday, Dt.09-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભારત અને અમેરિકાને વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે તેમજ બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા માટે વધારાનો સમય મળશે

# ભારત પર ૧ ઓગષ્ટ સુધી કોઈ ટેરીફ લાગુ નહી કરાય : ટ્રમ્પ

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૮

અમેરિકા-ભારત વેપાર કરાર અંગે સસ્પેન્સ ચાલુ છે. દરમિયાન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નરમ વલણ અપનાવ્યું છે. ટ્રમ્પે ભારત પર બદલો ટેરિફ લાદવાનો નિર્ણય ૧ ઓગસ્ટ સુધી મુલતવી રાખ્યો છે. આ નિર્ણય ભારતીય નિકાસકારોને રાહત આપશે. ઉપરાંત, ભારત અને અમેરિકાને વેપાર કરાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા માટે વધારાનો સમય મળશે. ટ્રમ્પ વહીવટીતંત્રે વિવિધ દેશોને 'પત્રો' મોકલ્યા હતા જેમાં તે દેશોના ઉત્પાદનો પર અમેરિકા દ્વારા લાદવામાં આવનારી જકાતની વિગતો આપવામાં આવી હતી. જોકે, આ દેશોમાં ભારતનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. તમને જણાવી દઈએ કે ૨ એપ્રિલે અમેરિકાએ ભારતીય માલ પર ૨૬% નો વધારાનો ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, પરંતુ તેને ૯૦ દિવસ માટે મુલતવી રાખવામાં આવી હતી. આ તારીખ ૯ જુલાઈના રોજ સમાપ્ત થઈ રહી છે. હવે તેને ૧ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે.નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી અમેરિકા ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર દેશ રહ્યો છે. ૨૦૨૪-૨૫માં માલનો દ્વિપક્ષીય વેપાર ૧૩૧.૮૪ અબજ યુએસ ડોલર રહ્યો હતો. આમાં ૮૬.૫૧ અબજ ડોલરની નિકાસ, ૪૫.૩૩ અબજ ડોલરની આયાત અને ૪૧.૧૮ અબજ ડોલરનો વેપાર સરપ્લસ સામેલ છે.ટ્રમ્પ દ્વારા સહી કરાયેલા પત્રો બાંગ્લાદેશ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, કંબોડિયા, ઈન્ડોનેશિયા, જાપાન, કઝાકિસ્તાન, લાઓ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક, મલેશિયા, સર્બિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ અને ટ્યુનિશિયાને મોકલવામાં આવ્યા છે. એક અલગ એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં, યુએસ રાષ્ટ્રપતિએ અન્ય ઘણા દેશો પર વધેલા ટેરિફને મુલતવી રાખવાનો સમયગાળો ૧ ઓગસ્ટ સુધી લંબાવ્યો છે. ડ્યુટી પરનું આ ૯૦ દિવસનું સસ્પેન્શન ૯ જુલાઈના રોજ સમાપ્ત થવાનું હતું. આ નિર્ણય પર ટિપ્પણી કરતા, નિકાસકારોએ કહ્યું કે ૯ જુલાઈથી ૧ ઓગસ્ટ સુધી પ્રતિશોધક ટેરિફ લાદવાનું મુલતવી રાખવું એ અમેરિકાની તેના વેપાર ભાગીદારો સાથે રચનાત્મક રીતે જોડાવાની ઈચ્છા દર્શાવે છે.આંતરરાષ્ટ્રીય વેપાર નિષ્ણાત વિશ્વજીત ધરે કહ્યું કે આ ભારત માટે રાહતની વાત છે. તેમણે કહ્યું કે હું



તેને રાહતની વાત માનું છું અને આ પ્રતિભાવ ભારતે કેટલાક મુદ્દાઓ પર કડક વલણ અપનાવવાને કારણે આવ્યો છે. મુંબઈ સ્થિત નિકાસકાર અને ટેક્નોક્રાફ્ટ ઈન્ડસ્ટ્રીઝ (ભારત) ના સ્થાપક શરદ કુમાર સરાફે કહ્યું કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ "ખૂબ જ અણધારી" વ્યક્તિ છે. સરાફે કહ્યું કે ડ્યુટી સસ્પેન્શનનો સમયગાળો ખૂબ જ ટૂંકો છે. ભારતીય નિકાસકારોએ નિકાસ વધારવા માટે નવા બજારો શોધવા જોઈએ. ભારત અને અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. તેઓએ આ વર્ષના પાનખર (સપ્ટેમ્બર-ઓક્ટોબર) સુધીમાં પ્રથમ તબક્કો પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતે વચગાળાના વેપાર કરાર પર યુએસ અધિકારીઓ સમક્ષ પોતાનો વલણ સ્પષ્ટ કરી દીધું છે અને હવે અમેરિકાએ નિર્ણય લેવાનો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથેના વેપાર કરાર અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે અમેરિકા ભારત સાથે વેપાર કરાર કરવાની ખૂબ નજીક છે. તેમણે કહ્યું કે અમે યુનાઈટેડ કિંગડમ સાથે સોદો કર્યો છે. અમે ચીન સાથે સોદો કર્યો છે. આ ઉપરાંત, અમે અન્ય દેશોને મળ્યા છીએ, પરંતુ અમને નથી લાગતું કે તેઓ સમાધાન કરી શકશે, તેથી અમે તેમને એક પત્ર મોકલ્યો છે. અમે વધુ દેશોને પણ પત્રો મોકલી રહ્યા છીએ, જેમાં તેમને જણાવવામાં આવી રહ્યું છે કે તેમને કેટલો ટેરિફ ચૂકવવો પડશે. કેટલાક દેશો થોડું ગોઠવણ કરી શકે છે.રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૨ એપ્રિલે વિશ્વના મોટાભાગના દેશો પર બદલો લેવાનો ટેરિફ લાદ્યો હતો. ભારત પર ૨૬ ટકા ટેરિફ લાદવામાં આવ્યો હતો. જોકે, બાદમાં તેને ૯૦ દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યું હતું જેથી બધા દેશો અમેરિકા સાથે નવો વેપાર કરાર કરી શકે. બધા દેશો પર ૧૦ ટકાનો બેઝલાઈન ટેરિફ જાળવી રાખવામાં આવ્યો છે. ટ્રમ્પની ૯૦ દિવસની સમયમર્યાદા ૯ જુલાઈના રોજ સમાપ્ત થઈ રહી છે. ભારત ૨૬ ટકા ટેરિફમાં સંપૂર્ણ મુક્તિ ઈચ્છે છે.ફેબ્રુઆરી ૨૦૨૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત દરમિયાન, બંને દેશોએ દ્વિપક્ષીય વેપાર કરાર માટે વાટાઘાટો શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ માટેની અંતિમ તારીખ આ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબર નક્કી કરવામાં આવી છે. તે પહેલાં, બંને દેશો ટ્રમ્પના ટેરિફનો સામનો કરવા માટે વચગાળાના કરાર પર પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે.વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ૪ જુલાઈના રોજ કહ્યું હતું કે ભારત કોઈપણ વેપાર કરારમાં સમયમર્યાદાથી બંધાયેલું રહેશે નહીં. તે કોઈપણ વેપાર કરાર ફક્ત ત્યારે જ સ્વીકારશે જો તે અંતિમ હોય, બધા નિષ્કર્ષ યોગ્ય રીતે કાઢવામાં આવ્યા હોય અને કરાર દેશના હિતમાં હોય. મુક્ત વેપાર કરાર ફક્ત ત્યારે જ શક્ય છે જો તે બંને પક્ષો માટે ફાયદાકારક હોય. અમારા માટે, રાષ્ટ્રીય હિત પ્રથમ આવે છે. જો આને ધ્યાનમાં રાખીને કોઈ કરાર થાય છે, તો ભારત હંમેશા વિકસિત દેશો સાથે કરાર કરવા તૈયાર છે.ભારતીય વેપાર વાટાઘાટકારોની એક ટીમ યુએસ ગઈ હતી અને ગયા અઠવાડિયે જ ત્યાંથી પરત ફરી હતી.











# આજે ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયન દ્વારા ભારત બંધનું એલાન

નવીદિલ્હી,તા.૮

બેંકિંગ, વીમા, પોસ્ટલ સેવાઓથી લઈને કોલસા ખાણકામ સુધીના વિવિધ ક્ષેત્રોના ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ બુધવારે દેશવ્યાપી હડતાળમાં ભાગ લે તેવી અપેક્ષા છે. ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના સંયુક્ત મંચ દ્વારા 'ભારત બંધ' તરીકે ઓળખાતી આ હડતાળ કેન્દ્ર સરકારની "મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને દેશ વિરોધી કોર્પોરેટ-લક્ષી નીતિઓ"ના વિરોધમાં યોજાઈ રહી છે.ટ્રેડ યુનિયનોએ ઔપચારિક અને અનૌપચારિક ક્ષેત્રોમાં મહિનાઓથી ચાલી રહેલી તૈયારીઓને ટાંકીને દેશવ્યાપી સામાન્ય હડતાળને ભવ્ય રીતે સફળ બનાવવાનું આહ્વાન કર્યું છે. "હડતાળમાં ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ ભાગ લે તેવી અપેક્ષા છે. ખેડૂતો અને ગ્રામીણ કામદારો પણ દેશભરના વિરોધ પ્રદર્શનોમાં જોડાશે," ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના અમરજીત કૌરે જણાવ્યું હતું આ મોટા પાયે કાર્યવાહીથી મુખ્ય જાહેર સેવાઓ અને ઉદ્યોગો પર ગંભીર અસર થવાની શક્યતા છે. "હડતાળને કારણે બેંકિંગ, પોસ્ટલ, કોલસા ખાણકામ, કારખાનાઓ અને રાજ્ય પરિવહન સેવાઓ પ્રભાવિત થશે," હિંદ મઝદૂર સભાના હરભજન સિંહ સિદ્ધુએ જણાવ્યું હતું. વિરોધનો મુખ્ય મુદ્દો ગયા વર્ષે યુનિયનો દ્વારા શ્રમ મંત્રી મનસુખ માંડવિયાને સુપરત કરાયેલી ૧૭ માંગણીઓનો ચાર્ટર છે. યુનિયનોનો દાવો છે કે સરકારે આ માંગણીઓને અવગણી છે અને છેલ્લા દાયકાથી વાર્ષિક શ્રમ પરિષદ બોલાવવામાં નિષ્ફળ રહ્યા છે. તેમનું કહેવું છે કે આ પગલું શ્રમ દળ પ્રત્યે સરકારની ઉદાસીનતાને પ્રતિબિંબિત કરે છે.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૦૯-૦૭-૨૦૨૫

## ૨૦ વર્ષથી રહેતા રહીશોને પ્રાથમિક સુવિધા આપવામાં પાલિકા ઊણી ઉતરી

# બગસરાના લોકોના લલાટે હાલાકી, પાલિકા સામે રોષ

**પાણીની પાઈપલાઈન તૂટી જતા ગટરનું પાણી પીવાના પાણીમાં ભળતા રોગચાળાનો ભય**

બગસરા,તા.૦૮

બગસરા શહેરમાં ચોમાસાને કારણે જે વિસ્તારોમાં રસ્તાઓનું નિર્માણ થયેલ નથી ત્યાં લોકો ખૂબ મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે. પાલિકાની નીતિ સામે લોકોમાં ભારે રોષ ફેલાયો છે. બગસરાના ૬૦ ફૂટ રોડ નજીક આવેલા અનેક વિસ્તારોમાં સોસાયટી બની ગયાને ૧૫ થી ૨૦ વર્ષ થઈ ગયા હોવા છતાં આજદિન સુધી પાલિકા દ્વારા રસ્તાઓ માટે કોઈ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.જેને લીધે ચોમાસા દરમિયાન માતૃશક્તિ સોસાયટી,મારુતિ નંદન,મારુતિ ધામ, ખોડીયાર નગર વગેરે વિસ્તારોમાં લોકોને અવરજવર કરવા માટે કિચડ ભરેલા રસ્તાઓ પરથી પસાર થવું પડે છે.જેમાં નાના બાળકો અને વૃદ્ધો સૌથી વધારે મુશ્કેલી ભોગવી રહ્યા છે. તેમજ વાહન ચાલકો



અવારનવાર પડતા હોય તેવા દ્રશ્યો પણ જોવા મળે છે.પાલિકા લોકોને રસ્તા બનાવવા માટે તુરંત કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ઉઠી છે. આ વિસ્તારમાં ભૂગર્ભ તથા પાણીની નવી પાઈપલાઈન નાખવામાં આવેલ છે.જેમાં પાણીની પાઈપલાઈન તૂટી જતા રસ્તાઓ ઉપર ભરાયેલું ગંદુ પાણી પણ પાઈપલાઈનમાં ભળી લોકોના પીવાના પાણીમાં પણ ભળી રહ્યું છે. જેથી અગામી દિવસોમાં આ વિસ્તારોમાં રોગચાળો પણ ફેલાવવાની શક્યતા છે.

**રસ્તાઓ ખોદકામ કર્યા બાદ સદસ્યો કે ચીફ ઓફીસર ધ્યાન આપતા નથી**

આ વિસ્તારના રહીશ કમલેશભાઈ બજારીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ચોમાસામાં ભૂગર્ભ ગટર નાખવા માટે ખોદકામ કર્યા બાદ રસ્તાને વ્યવસ્થિત કરવા માટે ચૂંટાયેલા સભ્યોથી લઇને ચીફ ઓફિસર સુધી રજૂઆત કરવા છતાં તંત્ર ધ્યાન આપતું નથી,જેને લીધે બાળકો અને વૃદ્ધો ખુબજ હાલાકી ભોગવી રહ્યા છે. તો તાકીદે આ તમામ વિસ્તારોમાં સતાધિશો તત્કાલ કાર્યવાહી હાથ ધરે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# લીલિયા મોટામાં હવે રવિવારને બદલે ગુરુવારે પાવર કાપ રહેશે

લીલીયા,તા.૦૮

લીલિયા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભૂપતભાઈ ધામત દ્વારા સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને અમરેલીના એ.સી. પરીખને આ અંગે પત્ર લખી રજૂઆત કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, લીલિયા સિટીમાં ચાલી રહેલા કેબલના કામને કારણે છેલ્લા બે મહિનાથી પણ વધુ સમયથી રવિવારે વીજકાપ રાખવામાં આવતો હતો. લીલિયા ડાયમંડ એસોસિએશનની મીટિંગમાં નાયબ ઈજનેર સી.કે. દેવમુરારી દ્વારા હીરા કારખાનેદારોને રવિવારે રજા રાખવા વિનંતી કરાઈ હતી, જેનું પાલન કારખાનેદારોએ કર્યું હતું. જોકે, રવિવારે બેંક, સરકારી કચેરીઓ અને દવાખાના જેવા મહત્વના કામો ન થવાને કારણે રત્નકલાકારોને ભારે મુશ્કેલી પડી રહી હતી. આથી, ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભૂપતભાઈ ધામત દ્વારા ફરી એકવાર ગુરુવારે પાવર કાપ ખસેડવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને એ.સી. પરીખને WhatsApp દ્વારા પણ પત્ર પાઠવી વિનંતી કરવામાં આવી હતી. આ રજૂઆતને ધ્યાને લઈને, લીલિયા PGVCLના કાર્યપાલક ઈજનેર સી.કે. દેવમુરારી દ્વારા હવે પછીના દિવસોમાં રવિવારને બદલે ગુરુવારે પાવર કાપ રહેશે તેવી બાંહેધરી આપવામાં આવી છે.

# રાજુલા-જાફરાબાદ-ખાંભાની શાળાઓમાં શિક્ષકોની ઘટ: ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ફરી રજૂઆત કરી

**શૈક્ષણિક કાર્યને અસર થતા વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ, તાત્કાલિક ભરતીની માંગ**

રાજુલા,તા.૦૮

રાજુલા વિધાનસભા મતક્ષેત્ર હેઠળ આવતી રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાની શાળાઓમાં શિક્ષકોની ગંભીર ઘટ યથાવત્ રહેતા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ રાજ્યના શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર ને ફરી એકવાર પત્ર લખી તાત્કાલિક ભરતી કરવાની ભલામણ કરી છે.સોલંકીએ તેમના પત્રમાં જણાવ્યું છે કે, અગાઉ પણ તેમણે તા. ૩૧/૧૨/૨૦૨૪ ના રોજ પત્ર દ્વારા આ બાબતે રજૂઆત કરી હતી, પરંતુ આજની તારીખે પણ પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓને કારણે શૈક્ષણિક કાર્ય પર નકારાત્મક અસર પડી રહી છે, જેનાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ સર્જાયો છે.ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ શિક્ષણ મંત્રીને વિનંતી કરી છે કે, વહેલી તકે ખૂટતા શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં આવે, જેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી શકે અને શૈક્ષણિક કાર્ય સુચારુરૂપે ચાલી શકે.

# અમરેલી જિલ્લામાં સ્વચ્છતા મે સહકાર કાર્યક્રમમાં નાગરીકો જોડાયા

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-૨૦૨૫ અંતર્ગત જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં 'સ્વચ્છતા મે સહકાર' કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા, જેમાં પ્રભાત ફેરી અને સ્વચ્છતાલક્ષી કાર્યક્રમ યોજાયા હતા. જિલ્લાની સેવા સહકારી મંડળીઓ, સહકારી સંઘો



તથા નાગરિક સહકારી બેન્કો દ્વારા 'સ્વચ્છતા મે સહકાર' કાર્યક્રમની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં સહકારી સંસ્થાના આગેવાનો અને સ્થાનિક નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

# ધારીમાં પીજીવીસીએલ કર્મચારીઓની કામગીરીથી ખેડૂતોમાં આનંદની લાગણી

ધારી, તા. ૦૮

ધારી પીજીવીસીએલ કચેરીના નાગધ્રા તેમજ દેવળા ફીડરમાં સંયુક્ત કનેક્શન આવેલા હોવાથી પાવર લોડાના કારણે અવારનવાર વીજળી ગુલ થઈ જતા ખેડૂતોને પાવર કાફનો સામનો કરવો પડે છે તેમજ ખેતી પાક લેતા ખેડૂતોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી આ બાબતે પીજીવીસીએલના નાયબ ઈજનેર સાંગાણીને રજૂઆત કરતા નાયબ ઈજનેર સાંગાણીએ ખેડૂતોની હાલાકીનો ખ્યાલ રાખી ૫૪ કિલોમીટર કરતાં વધારે ફેલાયેલ વિસ્તારમાં પીજીવીસીએલના કર્મચારીઓને તાત્કાલિક કામે લગાડી દેવળા અને નાગધ્રા ફીડરને અલગ કરવામાં આવ્યા હતા. બંને ફીડરો અલગ થતા જેથી ખેડૂતોને હવે વીજકાપનો સામનો કરવો નહીં પડે જેથી ખેડૂતોના ચહેરા પર આનંદ છવાયો હતો.

# અમરેલી જિલ્લામાં ક્ષતિગ્રસ્ત માર્ગોની ઝડપભેર મરામત શરૂ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડાં દિવસો પૂર્વે થયેલા વરસાદથી અસરગ્રસ્ત શહેરી અને ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓના મરામતની કામગીરી અમરેલી જિલ્લામાં શરુ છે. વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓની મરામત પ્રક્રિયા હાલ શરુ છે.બિસ્માર રસ્તાઓનું મેટલિંગ દ્વારા પેચવર્ક થઈ રહ્યું છે, જિલ્લાના માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ હેઠળના રસ્તાઓનું પેચવર્ક શરુ છે.માર્ગ અને મકાન (રાજ્ય) દ્વારા, અમરેલીના નાના આંકડિયા-ચિત્તલ રોડ,



સાવરકુંડલા-રંઘોળા રોડ, બાઢડા-થોરડી-રાજુલા રોડ, રાજુલા-ડુંગર રોડ, ચાંચ - ખેરા પટવા રોડ પર મેટલ વર્ક કરવામાં આવ્યું છે.મેટલ પેચવર્ક બાદ હવે વરસાદી વાતાવરણ ન હોય ત્યારે ડામર પેચ વર્ક કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# વડિયામાં ગૌ સેવા મિત્ર મંડળ દ્વારા મફત દંતયજ્ઞ કેમ્પ યોજાયો

વડિયા,તા.૦૮

વડિયામાં ગૌસેવા મિત્ર મંડળ દ્વારા પ્રતાપરાય ભાઈચંદભાઈ કામદારના પરિવારના સહયોગથી દાંતના બત્રીસી (ચોગઠા) અને દાંતની સારવારનો કેમ્પ વડિયાની પટેલ વાડીમાં યોજાયો હતો. આ કેમ્પનું દીપ પ્રાગટ્ય મહાસતીજીના હસ્તે થયું હતું, જેમાં ૧૬૦થી



વધુ દર્દીઓએ પોતાના દાંત અને ચોકઠાં બેસાડવાની સારવાર રાજકોટના ડોક્ટરની ટીમ પાસેથી લીધી હતી. આ કાર્યક્રમમાં જૈન સંપ્રદાયના મહાસતીજી, પ્રતાપરાય કામદાર, ઈન્ચાર્જ મામલતદાર કેઝરભાઈ સિંધી, કાળુભાઈ વડેરિયા, ભુપતભાઈ ગોહિલ, ભીખુભાઈ વોરા, સરપંચ મનીષ ઢોલરીયા સહિતના લોકોએ હાજરી આપી હતી. સમગ્ર કેમ્પને સફળ બનાવવા ગૌસેવા મિત્ર મંડળે જહેમત ઉઠાવી હતી.

# જિલ્લાની વિવિધ શાળા-કોલેજમાં સહકારથી સમૃધ્ધિ વિષય પર સ્પર્ધા

**વિજેતા બાળકોને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યો**

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક તથા અમરેલી જિલ્લા સહકારી સંઘના સહયોગથી જિલ્લાની વિવિધ શાળા-કોલેજમાં સહકારથી સમૃદ્ધિ'' વિષય ઉપર નિબંધલેખન, ચિત્ર, અને ક્વીઝ સ્પર્ધા યોજાઈ હતી.વિવિધ સ્પર્ધામાં બાબરા તાલુકાની જામ બરવાળા પ્રાથમિક શાળા, અમરેલી ખાતેની ભરાડ વિદ્યાલય, કે.કે.પારેખ કોમર્સ કોલેજ, પ્રતાપરાય આર્ટસ કોલેજ વિગેરે શાળા-કોલેજના વિધાર્થીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અમરેલી પ્રતાપરાય આર્ટસ કોલેજના કાર્યક્રમમાં જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના દેવાંગભાઈ રંગાણી અને જિલ્લા સહકારી સંઘના ભાર્ગવભાઈ ત્રિવેદીએ ખાસ હાજર રહી કોલેજના વિદ્યાર્થીઓને અમરેલી જિલ્લાની સહકારી પ્રવૃત્તિઓ અંગે વિગતો આપી હતી. આ સાથે પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કે.કે.પારેખ કોમર્સ કોલેજનાં વિદ્યાર્થીઓને સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રાર સંદીપભાઈ અણીયાળીયા દ્વારા સહકારી માળખાની વિસ્તૃત જાણકારી આપી હતી.









# દામનગરમાં વરસાદમાં ભરાયેલા પાણી અને મચ્છરોનો ઉપદ્રવ: રોગચાળાનો ભય

**નવા બસ સ્ટેન્ડ સામે મુખ્ય માર્ગ પર પાણીનો નિકાલ ન થતા સ્થાનિકોમાં રોષ, તાત્કાલિક કાર્યવાહીની માંગ**

દામનગર,તા.૦૮

દામનગર શહેરમાં વિકાસ કાર્યોની સાથે સાથે કેટલીક સમસ્યાઓ પણ માથું ઊંચકી રહી છે, જેમાંથી એક મુખ્ય સમસ્યા છે વરસાદી પાણીનો ભરાવો અને તેના કારણે ફેલાતો મચ્છરોનો ઉપદ્રવ. શહેરના નવા બસ સ્ટેન્ડ



સામેના મુખ્ય માર્ગ પર ગેટ નજીક વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થવાને કારણે પાણી ભરાઈ રહે છે, જે મચ્છરોના ઉછેર માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. આ પરિસ્થિતિને કારણે મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાનો ભય સેવાઈ રહ્યો છે. સ્થાનિક નાગરિકો દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સામાન્ય રીતે જોવા મળે છે કે પાણી ભરાવા અને મચ્છરજન્ય રોગચાળો ફેલાયા પછી જ તંત્ર હરકતમાં આવે છે. જોકે, દામનગરના લોકોની સુખાકારી માટે અગમચેતીના ભાગરૂપે રોગચાળો ફેલાય તે પહેલાં જ આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તે અત્યંત જરૂરી છે. સ્થાનિકોનું કહેવું છે કે સત્તાધીશો જ્યાં જ્યાં જાહેર માર્ગો પર પાણી ભરાઈ રહે છે ત્યાં તેના નિકાલ માટે ઝડપી કામગીરી કરે સાથેજ નિયમિત સફાઈની માંગ કરી છે.

# લાઠીમાં ભાજપ દ્વારા "ખાટલા બેઠક"નું સફળ આયોજન કરવામાં આવ્યું

લાઠી,તા.૦૮

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની સૂચના અને માર્ગદર્શન હેઠળ લાઠી શહેર ભાજપ દ્વારા એક સફળ "ખાટલા બેઠક" શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકોમાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ઉપસ્થિત રહ્યા હતા. જે લાઠી શહેરમાં વિવિધ શક્તિકેન્દ્રો અને



બુથ લેવલે યોજવામાં આવી હતી.આ ખાટલા બેઠકોનો મુખ્ય ઉદ્દેશ પાયાના સ્તરે સંગઠનને વધુ મજબૂત બનાવવાનો અને કાર્યકરો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવાનો હતો.

આ બેઠકો દ્વારા સ્થાનિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને કાર્યકરોને પક્ષની નીતિઓ અને કાર્યક્રમો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.આ સફળ ખાટલા બેઠક બદલ લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોનીએ સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકા સદસ્યો, આગેવાનો, શક્તિ કેન્દ્રના સંયોજકો, બુથ પ્રમુખો, કાર્યકર્તાઓ સહિત ઉપસ્થિત સૌ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

**બેઠક દ્વારા સ્થાનિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી**

# જાફરાબાદના ઇન્ચાર્જ ટીડીઓને ચાર્જ મુક્ત કરવા ટીકુભાઈ વરુની રજૂઆત

જાફરાબાદ,તા.૦૮

જાફરાબાદ તાલુકા પંચાયતના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી નૌશાદ અલી તાલાજીયા છેલ્લા બે વર્ષથી ફરજ બજાવે છે. પરંતુ તેઓ જાફરાબાદના અરજદારો સાથે મનમાની કરી અને પક્ષપાતી વલણ કરે છે તેવા આક્ષેપ થઈ રહ્યા છે. આ ઉપરાંત નરેગા બાંધકામ જેવા વિભાગમાં બેફામ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને નાના માણસોને ઓફિસમાં આવવા દેતા નથી. તેઓ પોતાની મનમાની પ્રમાણે વહીવટ કરી રહ્યા હોય અને



વ્હાલા દવલા નીતિ કરી રહ્યા છે તેવો આક્ષેપ અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરુએ વિકાસ કમિશનરને કરેલી રજૂઆતમાં કર્યો હતો. તેમણે ઈન્ચાર્જ ટીડીઓને તાત્કાલિક ધોરણે ચાર્જ મુક્ત કરવા માંગણી કરેલ છે.

# મેઘાપીપળીયા ગામે અંબુજા ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ અને જળસંચયનું કાર્ય

કુકાવાવ,તા.૦૮

કુકાવાવ તાલુકાના મેઘાપીપળીયા ગામે અંબુજા ફાઉન્ડેશન દ્વારા ચાલતા 'બેટર કોટન કાર્યક્રમ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ફળદાયી અને વિવિધ પ્રકારના રોપાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો લાભ લઈને ગ્રામજનોએ મેઘલી નદીના બંને કિનારે વૃક્ષોનું વાવેતર કરી ગામની શોભામાં વધારો કર્યો છે. આ કાર્યક્રમ માત્ર વૃક્ષારોપણ પૂરતો સીમિત ન રહેતા, જળસંચયની દિશામાં પણ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું હતું. મેઘલી નદીને ઊંડી ઉતારી, પાળો બાંધીને એક ચેકડેમ બનાવવામાં આવ્યો છે. આ ભગીરથ કાર્યમાં સવજીભાઈ ધોળકિયા ફાઉન્ડેશન અને મેઘાપીપળીયાના એન.આર.આઈ. તુલસીભાઈ પીપળીયા દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. આ બંને દાતાઓના સહયોગથી નદીમાં પાણીનો સંગ્રહ થઈ શકશે, જે ભૂગર્ભ જળ રિચાર્જ કરવામાં મદદરૂપ થશે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવેલા પીપળો, લીમડો અને વડલા જેવા વૃક્ષોનું વાવેતર ગામ લોકોના સહયોગથી અને કિસાન એકતા સમિતિના પ્રમુખ કનુભાઈ ડાંગરના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચે અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનની ટીમ અને જે.ડી. ગુજરીયાનો આભાર વ્યક્ત કર્યો હતો અને આટલી મોટી સંખ્યામાં વૃક્ષો આપવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં અંબુજા ફાઉન્ડેશનના પી.યુ. મેનેજર ઉમેશભાઈ ઢોલરીયા, એફ.એફ. શૈલેષભાઈ હુંમર, તુષારભાઈ, જાગૃત અને ઉત્સાહી યુવક કૌશિકભાઈ વેગડા, ટીમનો સ્ટાફગણ, ઉત્સાહી ખેડૂત કનુભાઈ ડાંગર અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**સાવરકુંડલા શહેરનો બનાવ**

# બાથરૂમમાં ન્હાવા ગયેલી પરિણીતાને બિભત્સ માંગણી કરી છેડતી કરી

**મા-દીકરીને જાનથી મારવાની ધમકી પણ આપી**

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા શહેરમાં એક ચોંકાવનારો બનાવ બન્યો હતો. એક પરિણીતા બાથરૂમમાં ન્હાવા ગઈ તે દરમિયાન યુવકે તેની પાસે જઈ બિભત્સ માંગણી કરી હતી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે પરિણીતાએ કિરણભાઈ દેવશીભાઈ બગડા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાના ઘરના બાથરૂમમાં ન્હાવા ગયા હતા તે દરમિયાન આરોપીએ તેની પાસે બિભત્સ માંગણી કરી તેનું ગાઉન ખેંચવા લાગ્યો હતો. જેથી તેમણે રાડા રાડ કરતાં તેમની દીકરી તથા બહેન વચ્ચે આવી જતાં તેમને પણ ગાળો આપી હતી. તેમની દીકરીને વાંસામાં લોખંડના પાઈપનો એક ઘા માર્યો હતો. તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો. ઉપરાંત તેમને તથા તેની દિકરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં એએસઆઈ જે જે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠી પોલીસે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ ગુમ થયેલ રૂ.૧૬,૦૦૦ની મિલકત પરત અપાવી

લાઠી,તા.૦૮

લાઠી પોલીસે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમને સાર્થક કરતા ગુમ થયેલી કુલ રૂ. ૧૬,૦૦૦/-ની કિંમતની મિલકત અને અગત્યના દસ્તાવેજો શોધી કાઢી મૂળ માલિકને પરત સોંપ્યા છે.બાબરા તાલુકાના ઈશ્વરીયા ગામના અરજદાર સંજયભાઈ નનુભાઈ ખાવડીયાનો મોબાઈલ ફોન અને પાકીટ પડી ગયા હતા. તેમનો મોબાઈલ ચાલુ હાલતમાં હોવાથી તેમણે લાઠી



પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને ગુમ થયેલી મિલકત શોધી આપવા વિનંતી કરી હતી. ફરિયાદ મળતા જ લાઠી પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગુમ થયેલા મોબાઈલ નંબરના આધારે ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરીને લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ મિલકત શોધી કાઢવામાં આવી હતી.

# રાજુલાના છતડીયા રોડ પર ૫ લાખ લીટરનો ટાંકો બનશે, ભૂમીપૂજન કરાયુ

રાજુલા,તા.૦૮

રાજુલામાં છતડીયા રોડ પર ૮૭ લાખના ખર્ચે ૫૦૦૦૦ લીટરના ટાંકાનું નિર્માણ કરવામાં આવશે. અહી અગ્રણીઓની



ઉપસ્થિતિમાં કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પાણીની ટાંકી બનશે તો મારુતિનગર સહિત આસપાસની સોસાયટીમાં પાણીની સમસ્યા દૂર થશે. રાજુલાના છતડીયા રોડ પર આવેલી સોસાયટીઓમાં પાણીની સમસ્યા છે. ત્યારે તંત્રએ આ સમસ્યાના ઉકેલ માટે ૫૦૦૦૦ લીટરની પાણીની ટાંકી બનાવવાનો નિર્ણય કર્યો છે. જેના માટે નગરપાલિકા દ્વારા ૮૭ લાખ રકમ મંજૂર કરી છે. ત્યારે મારુતિનગરમાં પાઈપલાઈન અને પાણીની ટાંકીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# ગજેરા કેમ્પસની મહિલા બીબીએ કોલેજનું ઝળહળતું પરિણામ

અમરેલી,તા.૦૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં B.B.A. સેમ.-૬ની લેવાયેલી પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં ગજેરા કેમ્પસની લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા બી.બી.એ. કોલેજનું પરિણામ ૯૭% સાથે ૧૦૦% ફર્સ્ટ ક્લાસ આવ્યું હતું. આ પરીક્ષામાં બોઘાણી ધારા આર. કોલેજ ફર્સ્ટ - ૮૪.૮૬%, બાવસીયા ગોપી



બી. કોલેજ સેકન્ડ-૮૪.૦૦% અને ભલાણી આયુશી ડી. કોલેજ થર્ડ - ૮૩.૫૭ % પ્રાપ્ત કર્યા હતા. આ સફળતા મેળવવા બદલ સ્ટાફ– સ્ટુડન્ટ્સ અને રેન્કરને અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત અને શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# તેં કરેલો પોલીસ કેસ પાછો ખેંચી લે કહીં પથ્થરના છુટ્ટા ઘા માર્યા

અમરેલી, તા.૦૮

અમરેલીના વેણીદર ગામે તેં કરેલો પોલીસ કેસ પાછો ખેંચી લે નહીંતર હું તને મારીશ તેમ કહી પ્રૌઢને પાણાના છુટા ઘા માર્યા હતા. નાશવંતભગત ભાનુપ્રસાદ પાનેલીયા (ઉ.વ.૭૫)એ કરમશીભાઈ વાલજીભાઈ પાનેલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની વાડીએ નિંદતા હતા ત્યારે આરોપીએ તેની પાસે આવીને કહેલ કે તે કરેલો પોલીસ કેસ પાછો ખેચી લે નહીતર હું તને મારીશ. જેથી ફરિયાદીએ કેસ પાછો ખેંચવાની ના પાડતા આરોપી ઉશકેરાઈ જઈ પથ્થરનાં છુટા ઘા માર્યા હતા. ડાબા પગે ઈજા કરી લોહી કાઢી તથા શરીરે ઢીંકાપાટુંથી માર મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ ડી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના કુંભનાથ મહાદેવ મંદિરે ૧૫ જુલાઈએ હવન યોજાશે

રાજુલા, તા.૦૮

રાજુલા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ કુંભનાથ મહાદેવ મંદિરે હવનનું આયોજન કરવામાં આવેલ છે. રાજુલા શહેરની પૌરાણિક પરંપરા મુજબ વરૂણદેવને રીઝવવા માટે હવન કરવામાં આવે છે ત્યારે આજે રાજુલા શહેરમાં બકુલભાઈ વોરાની દુકાને રાજુલા હવન કમિટી દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવેલું. વેપારીઓ, ભૂદેવો અને પત્રકારો સહિત અનેક લોકો હાજર રહેલ. આ મિટિંગમાં તારીખ ૧૫.૦૭.૨૦૨૫ ને મંગળવારના રોજ હવનનું નક્કી કરવામાં આવેલ છે. હવન કમિટી દ્વારા રાજુલા શહેરના વેપારીઓને બપોરના ૨:૦૦ વાગ્યા પછી પોતાના ધંધા રોજગાર સ્વૈચ્છિક રીતે બંધ રાખી અને દર્શનનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.






## વેણીવદર ગામે ભાઈએ સગા ભાઈને પથ્થરના ઘા માર્યા

અમરેલી, તા.૦૮

અમરેલીના વેણીવદર ગામે વાડીમાં સનેડો ચલાવતી વખતે મોટાભાઈ પડી જતાં નાનાભાઈને હસવું આવ્યું હતું. બનાવ અંગે કરમશીભાઈ વાલજીભાઈ પાનેલીયાએ નનુભાઈ વાલજીભાઈ પાનેલીયા સામે નોંધાવેલી ફરિયાજ મુજબ, તેઓ તેમની વાડીએ નિંદતા હતા ત્યારે આરોપી તેમના મોટાભાઈની બાજુમાં વાડીમાં સનેડો ચલાવતા હતા. તેઓ સનેડા પરથી પડી જતાં તેમને હસવું આવ્યું હતું. જેથી ઓરાપીએ ખેતરમાંથી પાણા ઉપાડી તેના છુટ્ટા ઘા મારતા ઈજા પહોંચી હતી.

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૭૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વાલીબેન કુંભાભાઈ વાઢેળ
રહે.ઘાટવડ ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી એચ.બી.ભેડા તથા વી.જી.વાઢેળ, રહે.કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ શ્રી કુંભાભાઈ પાસાભાઈ વાઢેળ તથા વાલીબેન કુંભાભાઈ વાઢેળ ના પુત્ર શ્રી અમૃતલાલ કુંભાભાઈ વાઢેળ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના સને.૧૯૭૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૩૨/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી રામસીભાઈ રાણાભાઈ સોલંકી
મુ.વડનગર ગામ-વડનગર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી એલ.એમ.વાળા રહે.કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વડનગર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વડનગર ગામના રહીશ શ્રી રામસીભાઈ રાણાભાઈ સોલંકી ના માતૃશ્રી કડવીબેન રાણાભાઈ સોલંકી નું મરણ તારીખ: ૨૫/૦૫/૧૯૯૭ ના રોજ કોડીનાર તાલુકાના વડનગર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના વડનગર ગામના સને.૧૯૯૭ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

તંત્રી લેખ

# બ્રિક્સને પીએમ મોદીનો મોટો સંદેશ

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિક્સ (BRICS) સમિટમાં મહત્વપૂર્ણ સંદેશ આપ્યો છે. બ્રિક્સ, જેમાં બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના અને સાઉથ આફ્રિકા સામેલ છે, એ વિશ્વના વિકાસશીલ દેશો માટે મહત્વપૂર્ણ ફોરમ છે.તેમણે ગ્લોબલ AI ધોરણોનું પાલન કરવા અને તેને જાળવવા તેમજ ગ્લોબલ સાઉથને સપોર્ટ કરવા-બ્રિક્સ દેશોને હાકલ કરી હતી. બ્રિક્સ સાયન્સ રેપોઝીટરીની પહેલ કરવા તેમજ ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ માટે અનુરોધ કર્યો હતો. બ્રિક્સની શિખરમાં પીએમ મોદીએ બ્રીક્સનાં દેશોને મહત્વનાં ખનિજોની સપ્લાય ચેનને સુરક્ષિત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે કોઈપણ દેશ આવા ખનિજોનો પોતાનાં સ્વાર્થ માટે ઉપયોગ ન કરે તે જોવાની તમામ દેશોની ફરજ છે. આવા ખનિજોનો અન્ય દેશો સામે હથિયાર તરીકે ઉપયોગ કરી શકાય નહીં.મોદીએ બહુપક્ષવાદ, નાણાકીય બાબતો તેમજ AI નાં સંદર્ભમાં સભ્ય દેશોને પારદર્શકતા જાળવવા તેમજ ખનિજોનાં દુરુપયોગને રોકવા તેમજ AIનો ઉપયોગ માટે વૈશ્વિક ધોરણો ઘડવા પર ભાર મુક્યો હતો. ચીન દ્વારા તાજેતરમાં કેટલાક મહત્વનાં ખનિજોની નિકાસ પર નિયંત્રણો લાદયા છે તેમજ આ માટે નોનટ્રાન્સપરન્ટ નીતિ અપનાવી છે તેથી મોદીએ ચીનની નીતિની ટીકા કરી હતી. મહત્વનાં ખનિજોમાં લિથિયમ, નિકલ અને ગ્રેફાઈટનો સમાવેશ થાય છે જેને ઉચ્ચ કક્ષાની ટેકનોલોજી માટે તેમજ ઈલેકટ્રિક વાહનો બનાવવા તેમજ ડ્રોન બનાવવા અને બેટરી સ્ટોરેજ માટે ઉપયોગમાં લેવાય છે. ચીનનું આવા ખનિજોમાં પ્રભુત્વ છે.બ્રિક્સનાં દેશોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે પહલગામ હુમલો એ ભારતની ધરતી, તેની ઓળખ તેમજ અસ્મિતા અને તેનાં ગૌરવ પરનો સીધો હુમલો હતો. આતંકીઓને શરણ આપતા અને ફંડ આપતા દેશોને શિક્ષા કરવા મોદીએ માંગણી કરી હતી. આતંકીઓને કોઈપણ સ્વરૂપે મદદ કરવાનું કોઈપણ રીતે ચલાવી લેવાય નહીં આવા ટેરરિસ્ટો પર પ્રતિબંધો લાદવા જોઈએ. બ્રિક્સ દેશોએ પહેલગામ હુમલાને વખોડી કાઢ્યો હતો અને તેની આકરી નિંદા કરી હતી. મોદીએ બ્રિક્સ દેશોને આર્થિક વિકાસ અને ટેકનોલોજીકલ સહયોગ વધારવા માટે એકતા જાળવવાનો આગ્રહ કર્યો. તેમણે જણાવ્યું કે, બ્રિક્સ દેશો સાથે મળીને વૈશ્વિક પડકારોનો સામનો કરી શકે છે. પીએમ મોદીએ વિશ્વમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે બ્રિક્સની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત હંમેશાં શાંતિ અને સંવાદ માટે પ્રતિબદ્ધ છે. તેમણે નવી ટેકનોલોજી, ડિજિટલ ઈકોનોમી, ક્લાઈમેટ ચેન્જ અને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.બ્રિક્સ દેશોની શિખર પરિષદમાં વર્ચ્યુઅલી હાજર રહેનાર રશિયાનાં રાષ્ટ્રપતિ પુતિને બ્રિક્સ દેશોને ડોલરમાં નહીં પણ લોકલ કરન્સીમાં વેપાર કરવા અનુરોધ કર્યો છે. તેમણે બ્રિક્સ દેશો વચ્ચેનાં વેપારમાં જેતે દેશની રાષ્ટ્રીય કરન્સીનો ઉપયોગ વધારવા હાકલ કરી છે. બ્રિક્સ પ્લેટફોર્મ પર એક સ્વતંત્ર સેટલમેન્ટ સિસ્ટમ ઊભી કરીને આવી રીતે વેપાર કરી શકાય તેવી દરખાસ્ત તેમણે કરી છે. આને કારણે બ્રિક્સના સભ્ય દેશો વચ્ચે લેવડદેવડ ઝડપી બનશે અને વધુ કુશળતાથી સુરક્ષિત પેમેન્ટ સિસ્ટમ વિકસાવી શકાશે તેવી રજૂઆત તેમણે કરી છે. જો બ્રિક્સના દેશો ડૉલરને બદલે આવી લોકલ કરન્સીમાં પેમેન્ટ સિસ્ટમ વિકસાવે તો અમેરિકાને મોટો ફટકો પડી શકે છે. બ્રિક્સ દેશો માટેનો આ પ્રસ્તાવ ડી - ડોલરાઈઝેશન માટેનો વૈશ્વિક પ્રયાસ છે. જેનો હેતુ આંતરરાષ્ટ્રીય વેપારમાં ડૉલર પરની નિર્ભરતા ઘટાડવાનો છે. બીજી બાજુ આ સિસ્ટમ અપનાવવામાં આવે તો સભ્ય દેશો ચીનનાં યુઆન, ભારતનો રૂપિયો અને રશિયાનાં રૂબલમાં ખરીદવેચાણ કરી શકશે. બ્રિક્સમાં હાલ ૧૧ દેશો સભ્ય છે અને બીજા ૩૦ દેશ સભ્ય બનવા માંગે છે. આવા સંજોગોમાં ડૉલરમાં વેપાર ઘટવાથી ડૉલરની વૈશ્વિક માંગમાં ઘટાડો થઈ શકે છે. આમ ડૉલરનું મૂલ્ય ઘટી શકે છે. આમ પુતિનની અપીલથી અમેરિકાનાં પેટમાં તેલ રેડાયું છે. આનાથી ટ્રમ્પ વિફર્યા છે.

# રાજુલા પોલીસે મોટરસાયકલ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલ્યો: એક આરોપી ઝડપાયા

રાજુલા,તા.૦૮

રાજુલા પોલીસે મોટરસાયકલ ચોરીના બે ગુનાનો સફળતાપૂર્વક ભેદ ઉકેલ્યો છે. રાજુલા પોલીસે ચોરાયેલા બંને મોટરસાયકલ સાથે એક આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત તા. ૦૩/૦૭/૨૦૨૫ ના રોજ રાજુલા ટાઉનમાં અને તા. ૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મોટરસાયકલ ચોરાયા હતા. આ બંને બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા કલમ ૩૦૩(૨) મુજબ ઈ-FIR આધારે ગુના દાખલ કરવામાં આવ્યા હતા. આ ગુનાઓની ગંભીરતાને ધ્યાનમાં લઈને, રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી



હતી. ટીમે રાજુલા ટાઉનના અલગ-અલગ સી.સી.ટી.વી. કેમેરા ચેક કર્યા અને ટેકનિકલ તથા હ્યુમન સોર્સના આધારે જાણવા મળ્યું કે બંને ચોરીમાં એક જ ઈસમ સંડોવાયેલો છે. પોલીસે આરોપી હસમુખભાઈ ડાયાભાઈ મીયાત્રા (રહે. મોટા રીંગણીયાળા, તા. રાજુલા, જી. અમરેલી) ને ઓળખી કાઢી, તેની ધરપકડ કરી હતી. તેની પાસેથી ચોરીમાં ગયેલા બંને મોટરસાયકલ પણ કબજે કરવામાં આવ્યા છે.

# જાળીયા ગામે પીએચસી સેન્ટરમાં તાલીમ માટે આવેલી વિદ્યાર્થિની ગુમ થતાં ચકચાર

**ભાવનગરમાં રહેતા પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૦૮

ભાવનગરમાં રહેતી અને નર્સિંગનો અભ્યાસ કરતી એક વિદ્યાર્થી જાળીયા ગામે પીએચસી સેન્ટરમાં એક મહિનાની તાલીમ માટે આવી હતી. જે બાદ તે કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. બનાવ સંદર્ભે ભાવનગરમાં રહેતા પ્રભાશંકર માવજીભાઈ જોષી (ઉ.વ.૬૨) એ જાહેર કર્યા મુજબ, તેમની દિકરી બગસરા નર્સિંગનો અભ્યાસ કરતી હતી અને જાળીયા ગામે પીએચસી સેન્ટરમાં એક મહિનાની તાલીમ માટે આવી હતી. અહીંથી તે કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ ડી જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ચાંચ બંદરે સ્ટેટ મોનિટરિંગ સેલે દારૂ-બીયરનો જથ્થો પકડ્યો

**દેશી દારૂ બનાવવાનો મુદ્દામાલ પણ મળ્યો**

રાજુલા, તા.૦૮

અમરેલીના પૂર્વ એસપી અને સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયની ટીમે રાજુલાના ચાંચ બંદર પર ઘોંસ બલાવી હતી. સ્ટેટ મોનિટરિંગ ટીમે પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો, નાની મોટી બોટલ તથા બીયરના ટીન કુલ નંગ-૪૮૮, દેશી દારૂ ૧૮૦ લીટર, દેશી દારૂ બનાવવાનો આથો લીટર-૧૮૦૦, દેશી દારૂ ગાળવાના લોખંડના પીપ, દેશી દારૂ બનાવવાનો ખાધ ગોળ ૩૭૫ કિલો ગ્રામ, દેશી દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવાતો ઈસ્ટ ૧૦ કિલો મળી કુલ કિં.રૂ.૨,૭૩,૧૮૫ નો મુદ્દામાલ તથા દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી હતી. એએમસીની કાર્યવાહીથી સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ હતી. ગોબરભાઈ વીજાભાઈ શીયાળ, પાનુભાઈ મનસુખભાઈ ગુજરીયા, ઈંગ્લીશ દારૂનો જથ્થો મોકલનાર તથા તપાસમાં ખુલે તે તમામ સામે પોલીસે કાર્યવાહી કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પી આઈ એ ડી ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ખીચા ગામે વડીલોપાર્જિત મકાને ઘરવખરીનો સામાન લેવા ગયેલી યુવતીને ફટકારી

**મુંઢ માર માર્યો તેમજ જાનથી મારવાની ધમકી આપી**

ધારી, તા.૦૮

ધારીના ખીચા ગામે વડીલોપાર્જિત મકાને ઘરવખરીનો સામાન લેવા ગયેલી યુવતીને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. તેમજ ચંપલ વડે પીઠ પાછળ મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે હિરલબેન મથુરભાઈ કયાડાએ ધર્મેશભાઈ દેવશીભાઈ ક્યાડા તથા હેતલબેન ધર્મેશભાઈ ક્યાડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદ તેમના વડીલોપાર્જીત મકાને ઘરવખરીનો સમાન લેવા માટે ગયા હતા. આ દરમ્યાન બંન્ને આરોપીઓ આવી ઘરવખરીના સામાનને રૂમમાંથી બહાર ઓસરીમાં ફેંકવા લાગ્યા હતા. જેથી તેમણે તથા સાહેદે સામાન નહી ફેંકવાનું કહેતા બંન્ને આરોપીઓ ખરાબ ગાળો આપવા લાગ્યા હતા. ઉપરાંતઈ ઢીકાપાટુંથી માર માર્યો હતો. હેતલબેન ક્યાડાએ સાવરણી વડે જમણા હાથ ઉપર માર મારી તથા સાહેદને ચંપલ વડે પીઠ પાછળ માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

**દામનગરના ઠાસા ગામનો બનાવ**

# પત્નીએ દારૂ નહીં પીવા સમજાવતા પતિએ લીમડાના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાધો

**મૂળ મધ્યપ્રદેશનો પરિવાર મજૂરી અર્થે આવ્યો હતો**

દામનગર, તા. ૦૮

દામનગરના ઠાસા ગામે વાડીએ પરપ્રાંતીય પરિવાર રહેતો હતો. પતિને દારૂ પીવાની કુટેવ હતી. જેથી પત્ની તથા બાળકોએ દારૂ નહીં પીવા સમજાવતાં લાગી આવ્યું હતું અને પોતાની મેળે લીમડાના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના ભાભરા તાલુકાના કાનસા નગલીયા ફળીયુંના રહેવાસી અને હાલ ઠાસા ગામે વાડીએ રહેતા સંગીતાબહેન રાકેશભાઈ ગણાવા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમની પતિ રાકેશભાઈ નાગુભાઈ ગણાવા (ઉ.વ.૪૩)ને દારૂ પીવાની ટેવ હતી. તેથી પત્ની તથા બાળકોએ દારૂ નહીં પીવા સમજાવતાં લાગી આવ્યું હતું અને પોતાની મેળે ભાગવી રીખેલી વાડીએ લીમડાના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી આર ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના સુખપર ગામેથી સાત શકુની રોકડા ૧૪૭૭૦ સાથે ઝડપાયા

**એક જુગારી સુરતનો રહેવાસી**

બાબરા, તા.૦૮

બાબરાના સુખપર ગામેથી પોલીસે સાત જુગારીને રોકડા ૧૪,૭૭૦ સાથે ઝડપી પાડ્યા હતા. જેમાંથી એક સુરતનો રહેવાસી હતો. ભુપતભાઈ નાનભાઈ ખાચર, અનિલભાઈ જગમલભાઈ કુગતીયા, રમેશભાઈ કાળુભાઈ રાઠોડ, હરેશભાઈ જીવાભાઈ રાઠોડ, અવશરભાઈ ગોવિંદભાઈ ગોળાદરા, બીપીનભાઈ દયાળભાઈ, ઘનશ્યામભાઈ જીવણભાઈ જાદવ જાહેરમાં હારજીતનો પૈસા પાના વડે તીનપત્તીનો જુગાર રમી રમતાં રોકડા ૧૪,૭૭૦ સાથે ઝડપાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ રામસુરભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૬૭૦ |
| ઘઉં લોકવન | ૪૯૪ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૬૧ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૦૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૦૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૪૫૦ |
| બાજરી | ૩૫૦ | ૪૪૦ |
| તુવેર | ૧૦૬૦ | ૧૩૩૬ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૧૩૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૧૩૩ | ૧૪૪૦ |
| મગ | ૧૩૨૫ | ૧૬૧૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળી | ૧૩૦૦ | ૧૭૦૦ |
| મઠ | ૧૩૦૦ | ૨૩૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૮૬૦ |
| કળથી | ૬૫૦ | ૮૩૬ |
| રાજમા | ૧૧૨૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૩૮૦ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૯૩૧ | ૧૧૯૧ |
| મગફળી જીણી | ૯૧૧ | ૧૧૫૫ |
| તલી | ૧૫૫૪ | ૨૦૩૭ |
| સુરજમુખી | ૧૨૦૬ | ૧૨૦૬ |
| એરંડા | ૧૧૧૫ | ૧૩૨૦ |
| અજમો | ૯૬૦ | ૧૬૦૦ |
| સુવા | ૧૦૨૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૭ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૬૦ |
| કાળા તલ | ૨૮૫૦ | ૩૮૬૮ |
| લસણ | ૭૦૦ | ૧૨૫૫ |
| ધાણા | ૧૨૨૦ | ૧૩૬૩ |
| ધાણી | ૧૨૪૨ | ૧૩૮૨ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૫૮ |
| જીરૂ | ૩૪૮૦ | ૩૮૦૫ |
| રાય | ૧૧૮૦ | ૧૪૨૦ |
| મેથી | ૮૪૦ | ૧૩૪૦ |
| ઇસબગુલ | ૧૦૦૧ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૩૩૦ | ૪૦૯૬ |
| રાયડો | ૧૧૧૦ | ૧૨૪૦ |
| રજકાનું બી | ૪૪૦૦ | ૬૦૦૦ |
| ગુવારનું બી | ૯૩૫ | ૧૦૧૨ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૫૦ | ૫૦૦ |
| બટેટા | ૧૭૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૩૨૦ |
| ટમેટા | ૬૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૧૦૦ | ૨૫૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૫૧૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૪૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૭૦૦ | ૧૨૦૦ |
| સરગવો | ૧૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૨૫૦ |
| પરવર | ૬૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૯૫૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૫૫૦ | ૭૫૦ |
| મરચા લીલા | ૧૨૦૦ | ૧૭૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આભાર - નિહારીકા રવિયા | | |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૬૮ | ૧૦૪૨ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૩૨ |
| શિંગ દાણા | ૧૩૦૧ | ૧૫૫૧ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૪૧૨ |
| તલ સફેદ | ૧૧૬૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૨૧૪૦ | ૩૭૯૫ |
| તલ કાશ્મીરી | ૧૪૮૦ | ૨૪૧૬ |
| બાજરો | ૩૦૪ | ૩૩૪ |
| જુવાર | ૪૨૫ | ૭૬૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૬ |
| મકાઈ | ૫૧૫ | ૫૧૫ |
| મગ | ૯૫૦ | ૧૫૦૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૨૩ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| તુવેર | ૮૧૦ | ૧૨૩૦ |
| એરંડા | ૧૨૦૧ | ૧૩૦૫ |
| જીરૂ | ૩૩૭૦ | ૩૭૨૦ |
| ધાણી | ૧૦૭૦ | ૧૩૦૮ |
| મેથી | ૭૧૫ | ૮૬૫ |
| સોયાબીન | ૭૦૨ | ૮૦૯ |
| કપાસ | ૮૬૫ | ૧૬૫૨ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૯૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીઝ | ૩૦૦ | ૪૦૦ |
| શકકરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૯૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ગાજર | ૬૫૦ | ૭૭૦ |
| દુધી | ૨૦૦ | ૨૮૦ |
| કારેલા | ૯૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૬૦૦ | ૭૩૦ |
| ગુવાર | ૧૫૫૦ | ૧૮૩૦ |
| વટાણાં | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળાલીલાં | ૮૦૦ | ૯૫૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૬૫૦ | ૭૫૦ |
| કોથમીર | ૯૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૭૦ |
| બીટ | ૪૩૦ | ૫૫૦ |
| સરગવો | ૯૦૦ | ૧૦૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચાં લીલા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૪૦૦ |
| લસણ સુકુ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| મગફળી લીલી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૩૦ | ૩૫૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૧૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૭૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૯૮૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૩ | ૧૫ |
| ફોદીનો પુરા | ૪ | ૭ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૦૦ |
| પરવળ | ૮૦૦ | ૧૩૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૩ | ૨૦ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૪૦૦ | ૨૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૯ |
| **ધારી** | | |
| મગફળી | ૭૮૦ | ૭૮૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૪૭૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૩૦ |
| તુવેર | ૯૨૬ | ૯૨૬ |
| તલ સફેદ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ધાણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| મગ | ૧૨૬૫ | ૧૨૬૫ |
| ફાડા | ૧૧૭૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૧૧ | ૭૧૧ |
| એરડા | ૬૭૦ | ૧૧૮૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૫ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૪૭૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| તલ સફેદ | ૧૨૭૫ | ૧૮૩૦ |
| સોયાબીન | ૭૧૫ | ૭૯૫ |
| મગ | ૧૧૫૦ | ૧૪૩૫ |
| બાજરો | ૩૫૦ | ૩૭૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૧૫ |
| તુવેર | ૧૧૪૦ | ૧૨૭૫ |
| ધાણા | ૧૧૫૫ | ૧૨૩૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જુવાર | ૭૦૦ | ૭૪૦ |
| ડુંગળી | ૧૫૦ | ૧૮૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૪૪ |
| કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૭૦ |
| મગફળી | ૧૦૩૫ | ૧૦૭૫ |
| જીરૂ | ૨૯૧૦ | ૩૭૪૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| તલ સફેદ | ૧૫૦૫ | ૧૯૫૫ |
| ચણા | ૧૦૬૨ | ૧૦૯૮ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૨ |
| શીંગ દાણા | ૧૦૦૦ | ૧૩૩૩ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૮૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૭૯૦ |
| કપાસ | ૧૪૫૦ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૪ |
| બાજરો | ૩૦૦ | ૫૦૨ |
| મગ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| એરડી | ૯૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૭૧૦ | ૭૭૪ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૨૦ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૪૯૮ | ૧૮૮૦ |
| તલ પીળા | ૧૯૨૦ | ૧૯૨૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| બાજરો | ૩૭૧ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૯૧ |
| જુવાર | ૬૨૫ | ૮૩૭ |
| મગ | ૧૪૨૨ | ૧૪૫૦ |
| અડદ | ૧૨૯૧ | ૧૨૯૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મેથી | ૭૫૦ | ૭૫૦ |
| રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચોળી | ૬૫૦ | ૧૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૧૩૯ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૩૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૧ |
| મેથી | ૭૦૦ | ૮૪૬ |
| જુવાર | ૬૦૦ | ૭૨૮ |
| ચોળી | ૮૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૯૮ |
| મગ | ૧૨૨૦ | ૧૭૯૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૮૮ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૦૬ |
| સફેદ તલ | ૧૧૫૦ | ૧૯૦૦ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૮૨૫ |
| સોયાબીન | ૭૭૦ | ૮૨૮ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૬૧૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૧ |
| મગ | ૮૫૧ | ૧૪૫૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૦૬ |
| તુવેર | ૮૦૧ | ૧૨૮૬ |
| મગફળી | ૭૦૦ | ૯૯૬ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૫૫૧ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૨૧ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૬૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૨૯૬ |
| સોયાબીન | ૬૦૧ | ૭૯૬ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૦૦ | ૬૮૫ |
| બાજરી | ૨૭૦ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૬૪ |
| મકાઈ | ૩૯૧ | ૩૯૧ |
| અડદ | ૪૦૦ | ૧૪૦૪ |
| મગ | ૫૦૧ | ૧૪૩૫ |
| સોયાબીન | ૭૭૦ | ૭૮૦ |
| રાય | ૧૨૦૦ | ૧૨૮૫ |
| ચણા | ૯૬૦ | ૧૧૧૭ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૭૦૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૨૬૦ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૨૫૧ |
| કપાસ શંકર | ૧૦૯૯ | ૧૫૨૨ |
| નાળીયેર | ૯૩૭ | ૩૪૭૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૭૩૦ |
| બાજરો | ૩૦૫ | ૫૩૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૮ |
| મગ | ૧૧૦૫ | ૧૫૪૫ |
| તુવેર | ૮૫૫ | ૧૧૯૫ |
| વાલ | ૮૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૧૭ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૬૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૭૦ |
| તલ | ૧૭૦૦ | ૨૧૭૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૭૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૩૧ |
| રાઈ | ૧૧૫૦ | ૧૩૨૫ |
| લસણ | ૪૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૮૫ |
| અજમો | ૯૦૦ | ૩૧૧૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૬૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૩૯૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૯૦ |




06
લાગે તો તીર : - બોસ ઘરવાળીને લઈને ઘરની બહાર નીકળ્યાં

# મસ્કે પાર્ટી ભલે બનાવી, પ્રમુખ ના બની શકે

અંતે એલન મસ્કે રાજકીય પક્ષ બનાવી દીધો.



દુનિયાના સૌથી ધનિક એવા અબજોપતિ ઉદ્યોગપતિ એલોન મસ્કે શનિવારે અમેરિકામાં નવા રાજકીય પક્ષ 'અમેરિકા પાર્ટી'ની રચનાની જાહેરાત કરી. ૪ જુલાઈએ અમેરિકાનો સ્વાતંત્ર્ય દિન હતો, મસ્કે ૪ જુલાઈએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સર્વે મૂકીને સવાલ કરેલો કે, શું તમે અમેરિકાને દ્વિપક્ષીય સિસ્ટમમાંથી મુક્તિ ઈચ્છો છો? આપણે 'અમેરિકા પાર્ટી' બનાવવી જોઈએ?

એક્સ પર લગભગ ૧૨.૪૯ લાખ લોકોએ મતદાન કર્યું કે જેમાં ૬૫.૪ ટકા લોકોએ અમેરિકાને દ્વિપક્ષીય સિસ્ટમમાંથી મુક્તિ અપાવવા માટે 'અમેરિકા પાર્ટી' બનાવવાની તરફેણ કરી છે જ્યારે ૩૪.૬ ટકા લોકોએ નકારમાં જવાબ આપ્યો છે. બહુમતી લોકો 'અમેરિકા પાર્ટી' બનાવવાની તરફેણમાં હોવાથી મસ્કે એલાન કરી દીધું કે, આજે અમેરિકા પાર્ટીની રચના થઈ રહી છે કે જે અમેરિકનોને તેમની સ્વતંત્રતા પાછી અપાવશે. મસ્કે હાલના બે મુખ્ય રાજકીય પક્ષો રિપબ્લિકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટી બંને ભ્રષ્ટાચારી હોવાનો આક્ષેપ કરીને લખ્યું છે કે, હવે દેશને ટુ પાર્ટી સિસ્ટમથી આઝાદી મળશે.

મસ્કે પહેલાં પણ આ વાત કરી છે. મસ્કે રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓ માટે પહેલાં 'પોર્કી પિગ પાર્ટી' શબ્દો વાપરીને કહેલું કે, આ બંને પાર્ટી સામાન્ય અમેરિકનોના હિત કરતાં નકામા ખર્ચને વધારે મહત્વ આપીને અમેરિકાને બરબાદી તરફ ધકેલી રહ્યા છે. અમેરિકાને ખરેખર લોકોની ચિંતા કરે એવો નવો રાજકીય પક્ષ જોઈએ છે. આ નવો રાજકીય પક્ષ એવા અમેરિકનોનું પ્રતિનિધિત્વ કરશે કે જે હાલના બે પક્ષના વર્ચસ્વવાળા રાજકારણથી કંટાળેલા છે.

■■■

મસ્કની પાર્ટી રાજકારણમાં સફળ થશે ?

મસ્કે નવી પાર્ટી તો બનાવી દીધી પણ આ પાર્ટીને સફળતા મળશે કે કેમ એ અંગે શંકા છે. તેનું કારણ એ કે, અમેરિકામાં છેલ્લા લગભગ ૨૦૦ વર્ષથી ડેમોક્રેટિક અને રિપબ્લિકન એ બે પક્ષનું જ વર્ચસ્વ છે. અમેરિકાના રાજકારણમાં પ્રમુખપદની ચૂંટણીથી લઈને સ્ટેટ એસેમ્બલીમાં પણ આ બંને પક્ષોનું જ વર્ચસ્વ છે.

અમેરિકામાં લોહિયાળ આંતરિક વિગ્રહ પછી જ્યોર્જ વોશિંગ્ટન ૧૭૮૮માં અમેરિકાના પહેલા પ્રમુખ બન્યા હતા. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીના ૨૩૭ વર્ષના ઈતિહાસમાં ૪૭ પ્રમુખ આવી ગયા. આ પૈકી ૪૦ પ્રમુખ ડેમોક્રેટિક અને રિપબ્લિકન પાર્ટીના આવ્યા છે. અમેરિકામાં શરૂઆતનાં વરસોમાં ફેડરેલિસ્ટ અને વ્હીગ પાર્ટીના પ્રમુખો ચૂંટાયા કેમ કે એ વખતે ડેમોક્રેટિક તથા રિપબ્લિકન પાર્ટીઓ અસ્તિત્વમાં નહોતી. ફેડરેલિસ્ટ અને વ્હીગ પાર્ટીમાં વગદાર અને ધનિકો હતા. ડેમોક્રેટિક પાર્ટીની સ્થાપના ૧૮૨૮માં એન્ડ્રુ જેક્સને ખેડૂતો અને સામાન્ય જનતાની પાર્ટી તરીકે કરી પછી તેનો પ્રભાવ ધીરે ધીરે વધવા માંડ્યો. ૧૮૫૪માં બ્લેક પ્રજાની ગુલામીના વિરોધમાં રિપબ્લિકન પાર્ટીની રચના થઈ પછી બ્લેક પ્રજામાં રિપબ્લિકન પાર્ટી લોકપ્રિય બની. અબ્રાહમ લિંકન તેના પ્રથમ પ્રમુખ બન્યા હતા.

ડેમોક્રેટિક પાર્ટી અને રિપબ્લિકન પાર્ટી એક સમયે સાથે રહીને ચૂંટણી લડતી હતી પણ ધીરે ધીરે એટલી તાકતવર બની કે બે મુખ્ય પાર્ટી જ બની ગઈ. તેમનો પ્રભાવ વધ્યો પછી બીજી પાર્ટીઓનું અસ્તિત્વ જ મટી ગયું.

અમેરિકામાં પણ અત્યારે બીજા રાજકીય પક્ષો છે જ. ગ્રીન પાર્ટી, લિબરેશન પાર્ટી, કન્સ્ટિટ્યુશન પાર્ટી, નેચરલ લો પાર્ટી સહિતના રાજકીય પક્ષો છે પણ ચૂંટણીના મેદાનમાં વર્ચસ્વ ડેમોક્રેટિક પાર્ટી અને રિપબ્લિકન પાર્ટીનું જ છે. બાકીની પાર્ટીઓ દેખાવો, આંદોલનો વગેરે કરે છે અને પોતાનું અસ્તિત્વ ટકાવીને બેઠી છે પણ પ્રજા તેમને મત નથી આપતી. અમેરિકામાં લગભગ ૭૦ ટકા મતદારો ડેમોક્રેટિક પાર્ટી અથવા રિપબ્લિકન પાર્ટીના નોંધાયેલા સભ્યો છે.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

બાકીના ૩૦ ટકા મતદારોમાંથી બહુમતી મતદારો જે તરફ ઢળે તે પક્ષને પ્રમુખપદની ચૂંટણીમાં જીત મળે છે. આ ૩૦ ટકા મતદારોમાંથી માંડ ૨ ટકા મતદારો બીજા પક્ષને મત આપે છે જ્યારે બાકીના ડેમોક્રેટિક પાર્ટી અને રિપબ્લિકન પાર્ટીમાંથી કોઈ એક તરફ ઢળે છે. અમેરિકનોએ પોતે સ્વૈચ્છિક રીતે આ ટુ પાર્ટી સિસ્ટમને અપનાવી છે તેથી અમેરિકામાં ત્રીજી પાર્ટી ફાવતી નથી.

મસ્ક સામે આ બે પાર્ટીને હરાવવાનો મોટો પડકાર છે. ડેમોક્રેટિક પાર્ટી અને રિપબ્લિકન પાર્ટીએ વરસોની મહેનતથી ઉભું કરેલું સંગઠન, વફાદાર મતદારો, અમેરિકાને દુનિયામાં સૌથી સમૃધ્ધ અને શક્તિશાળી દેશ બનાવવામાં તેમનું યોગદાન એ બધાં કારણોને જોતાં મસ્કે કશુંક એવું કરવું પડે કે જેથી અમેરિકાના મતદારો તેની પાર્ટી તરફ વળે.

મસ્ક ડેમોક્રેટિક પાર્ટી અને રિપબ્લિકન પાર્ટી બંનેને ગાળો આપે છે, બંને અમેરિકાને બરબાદ કરી રહ્યાં હોવાના આક્ષેપો કરે છે પણ લોકો મસ્કની વાતો પર કેટલો ભરોસો કરે એ પણ સવાલ છે. મસ્ક અત્યાર લગી ડોનાલ્ડ ટ્રમ્પને વરરાજા બનાવીને તેમની જાનમાં ડાન્સ કરતા હતા. હવે ટ્રમ્પ મસ્કની કંપની ટેસ્લાનાં ઈલેક્ટ્રિકલ વ્હીકલ્સને અપાતી સબસિડીમાં કાપ મૂકવા માગે છે તેથી મસ્કને ટ્રમ્પ ગમતા નથી, ભ્રષ્ટાચારી લાગે છે. પોતાનાં હિતો જોખમાયાં તેમાં મસ્ક માટે ટ્રમ્પ અળખામણા બની ગયા તેથી તેમની વિશ્વસનિયતા જરાય નથી. આ કારણે પણ અમેરિકાના લોકો મસ્ક પર કેટલો વિશ્વાસ કરે એ પ્રશ્ન છે.

બીજી તરફ મસ્ક પાસે પુષ્કળ નાણાં છે અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ છે. તેનો ઉપયોગ કરીને મસ્ક પોતાની પાર્ટીની તરફેણમાં માહોલ ઉભો કરી શકે પણ આ કામ અઘરું તો છે જ એ જોતાં મસ્ક માટે ફિફ્ટી-ફિફ્ટી ચાન્સ છે.

■■■

મસ્ક અમેરિકાના પ્રમુખ બની શકે ?

હાલના સંજોગોમાં બિલકુલ ના બની શકે.

અમેરિકાના બંધારણ પ્રમાણે અમેરિકાના પ્રમુખપદે અમેરિકામાં જન્મેલી વ્યક્તિ જ બેસી શકે અને મસ્ક અમેરિકામાં જન્મ્યા નથી. અમેરિકા એટલે કે યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ બનવા માટે કોઈ પણ વ્યક્તિએ ત્રણ ચોક્કસ બંધારણીય આવશ્યકતાઓ પૂરી કરવી આવશ્યક છે. એ વ્યક્તિ અમેરિકાનો કુદરતી રીતે જન્મેલો નાગરિક (નેચરલ બોર્ન) હોવો જોઈએ, ઓછામાં ઓછો ૩૫ વર્ષનો હોવો જોઈએ અને ૧૪ વર્ષથી યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેતો હોવો જોઈએ.

અમેરિકાના બંધારણ પ્રમાણે નેચરલ બોર્ન અમેરિકન એટલે કે અમેરિકામાં કુદરતી રીતે જન્મેલો નાગરિક એ ગણાય છે કે જે અમેરિકાની ધરત પર પેદા થયો હોય અને જન્મથી જ યુનાઈટેડ સ્ટેટ્સનો નાગરિક હોય. વિદેશમાં યુએસ નાગરિકોના ઘરમાં જન્મેલા બાળકોને પણ નેચરલ બોર્ન સિટિઝન ગણવામાં આવે છે પણ મસ્ક પોતે અમેરિકામાં જન્મ્યા નથી કે તેમનાં માતા-પિતા અમેરિકન નાગરિક નહોતાં.

એલોન રીવ મસ્કનો જન્મ ૨૮ જૂન, ૧૯૭૧ના રોજ દક્ષિણ આફ્રિકાની રાજધાની પ્રિટોરિયામાં થયો હતો. મસ્ક બ્રિટિશ અને પેન્સિલવેનિયા ડચ વંશના છે. તેમની માતા મેય મોડેલ અને ડાયેટિશિયન છે અને કેનેડિયન છે. મેયનો જન્મ કેનેડાના સાસ્કાચેવાનમાં થયો હતો અને ઉછેર દક્ષિણ આફ્રિકામાં થયો હતો. એલન મસ્કના પિતા એરોલ મસ્ક દક્ષિણ આફ્રિકન છે. ઈલેક્ટ્રોમિકેનિકલ એન્જિનિયર, પાઈલટ, નાવિક, સલાહકાર, ડાયમંડ ડીલર અને પ્રોપર્ટી ડેવલપર સહિતના ઘણા બિઝનેસ ધરાવતા એરોલ મસ્ક પણ અમેરિકન નાગરિક નથી તેથી બાકીની બે લાયકાતો ધરાવતા હોવા છતાં મસ્ક અમેરિકાના પ્રમુખ બનવા માટેની મૂળભૂત લાયકાત જ નથી ધરાવતા.

મસ્ક મૂળ દક્ષિણ આફ્રિકાના છે અને તેમનો જન્મ પણ દક્ષિણ આફ્રિકામાં થયો હતો, મસ્કે જીવનમાં શરૂઆતનાં વરસ આફ્રિકા અને કેનેડામાં વિતાવ્યાં છે. મસ્ક ૧૯૮૯માં ૧૭ વર્ષની ઉંમરે દક્ષિણ આફ્રિકાથી કેનેડા ગયા અને પછી કેનેડાથી અમેરિકા ગયા હતા. મસ્કે અમેરિકામાં પોતાનો બિઝનેસ વિસ્તાર્યો અને અમેરિકાના નાગરિક બન્યા તેથી અમેરિકામાં રહી શકે પણ અમેરિકામાં ચૂંટણી લડીને સત્તા હાંસલ ના કરી શકે.

મસ્કે સત્તા હાંસલ કરવી હોય તો અમેરિકાનું બંધારણ બદલવું પડે. અમેરિકાના બંધારણમાં સુધારો કરી શકાય છે પણ તેને માટે સંસદનાં બંને ગૃહમાં બે-તૃતીયાંશ બહુમતીની જરૂર પડે, બીજો રસ્તો અમેરિકાનાં તમામ સ્ટેટ્સમાંથી બે-તૃતીયાંશ સ્ટેટ્સની વિનંતીથી કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રીય સંમેલન બોલાવીને તેમાં દરખાસ્ત પસાર કરવાનો છે. આ દરખાસ્ત પસાર થાય પછી સુધારાને ત્રણ-ચતુર્થાંશ સ્ટેટ્સ દ્વારા મંજૂરી મળે પછી જ સુધારો થઈ શકે. મસ્ક નજીકના ભવિષ્યમાં આવી જોરદાર રાજકીય સફળતા મેળવીને સમગ્ર અમેરિકામાં સત્તા કબજે કરે એવી શક્યતા નહિવત છે એ જોતાં મસ્કને પ્રમુખપદની શક્યતા નહિવત છે. ■ sanjogpurti@gmail.com

# મિ. એક્સ ઇન બોમ્બે (૧૯૬૪)




"મિ. એક્સ ઈન બોમ્બે" શાંતિલાલ સોની દ્વારા દિગ્દર્શિત રોમેન્ટિક કોમેડી ફિલ્મ છે. જેમાં કિશોર કુમાર, કુમકુમ અને મદન પુરી અભિનિત છે.

શોભા તેના વૈજ્ઞાનિક પિતા સાથે શ્રીમંત જીવનશૈલી જીવે છે. જે હવે વિવિધ રસાયણો પર પ્રયોગો કરી રહ્યા છે.

એક દિવસ આમ કરતી વખતે, મનોહર નામનો કર્મચારી એક પ્રવાહી પીવે છે, જેના પરિણામે તેનું મૃત્યુ થાય છે.

રાજન તેમના બચાવમાં આવે છે, છૂટકારો આપે છે અને બ્લેકમેઈલિંગ શરૂ કરે છે. એક દિવસ શોભા સુદર્શનના નામના એક કવિને મળે છે અને તે બંને પ્રેમમાં પડે છે.

જ્યારે તે લગ્નમાં તેના હાથ માટે પૂછે છે, ત્યારે તે ના પાડી દે છે. બીજા દિવસે, શોભાને સુદર્શન તરફથી તેને સંબોધિત એક ચિઠ્ઠી મળી જેમાં તેણે કહ્યું કે તે પોતાને મારી નાખશે.

ત્યારબાદ, દરરોજ રાત્રે તે સુદર્શનનો અવાજ સાંભળવાનું શરૂ કરે છે, તેના મૃત્યુ માટે તેને દોષી ઠેરવે છે, કારણ કે તેનો આત્મા સાંત્વના શોધવામાં અસમર્થ છે.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

ફિલ્મની આખી કહાની કહેવા જેવી નથી કેમકે તમે એ જોશો તો અહીં અમે ખોલેલા રહસ્યો તમને ફિલ્મ જોવાનો રસ ભંગ કરી શકે છે.

અમે લગભગ સાતમું આઠમું ભણતા ત્યારે અખબારમાં "મિ. એક્સ ઈન બોમ્બે" ફિલ્મની જાહેરાત ઉપર સતત નજર પડતી અને ફિલ્મ જોવાનું મન થતું પણ જોઈ શકાઈ નહોતી. કારણ કે ટોકીઝમાં તે એ ૮૦-૯૦ ના દાયકામાં આવતી ન હતી અને સીડી ડીવીડીનો જમાનો હજી શરૂ થયો ન હતો. ૧૯૬૪માં રિલીઝ થયેલી આ ફિલ્મ મેં છેક ૨૦૨૫ માં જોઈ. ફિલ્મમાં કિશોરકુમાર હોય એટલે અભિનય બાબતે કહેવાપણું જ ના હોય. તેમ છતાં મને એટલું તો ફીલ થયું કે બીજી સુપરહિટ ફિલ્મોના કિશોરકુમાર કરતા મિસ્ટર એક્સ ઈન બોમ્બેના કિશોરકુમાર થોડાક વધારે પડતા પીઢ દેખાય છે. વિલન તરીકે મદનપુરી અને હિરોઈન તરીકે કુમકુમ પોત પોતાનું કામ સરસ રીતે કરી ગયા છે. એ સમયની આ સુપરહિટ ફિલ્મ છે તેમ છતાં આજની તારીખે આ ફિલ્મમાં એવું ને એવું તાજું કોઈ તત્વ રહ્યું હોય તો તે લક્ષ્મીકાંત પ્યારેલાલનું સંગીત છે. " મેરે મહેબુબ કયામત હોગી" ગીત આજે પણ આપણે સાંભળતા ધરાતા નથી.

ભારતીય સિનેમામાં ઈનવિઝિબલ હિરોના કન્સેપ્ટ વાળી ફિલ્મોમાં કિશોરકુમારની આ ફિલ્મ એક મહત્વનો લેન્ડમાર્ક છે. અગાઉ મિસ્ટર એક્સ નામની ફિલ્મમાં કિશોરકુમારના મોટાભાઈ અશોકકુમાર ઈનવિઝિબલ હીરો બન્યા હતા. ત્યારબાદ કિશોરકુમાર આ ફિલ્મમાં ઈનવિઝિબલ હીરો બને છે અને ઓવરઓલ મજા કરાવે છે. ફિલ્મમાં વાર્તાનું રહસ્ય પણ ચોકાવનારું અને રસપ્રદ છે. તેમ છતાં સમય જતા આપણને આજની તારીખે આ ફિલ્મ થોડી ઢીલી લાગે છે કારણ કે આ એક એવો વિષય છે કે જેમાં સ્પેશિયલ ઈફેક્ટની સારી એવી જરૂરત હોય અને એ સમયમાં સ્પેશિયલ ઈફેક્ટ આજના જેટલી વિકસી ન હતી. ઉડતો કિશોરકુમાર અને ગાયબ થતો કિશોરકુમાર વગેરે દ્રશ્યો આજે ડેવલપ થયેલા જમાનામાં આપણને થોડા પ્રાઈમરી કક્ષાના લાગે છે. પણ ઈનવિઝિબલ હિરોના કન્સેપ્ટ વાળી આ ફિલ્મ પછી આપણે ત્યાં એ પ્રકારની બીજી ઘણી ફિલ્મો બની. બોની કપૂરની "મિસ્ટર ઈન્ડિયા" અને રામગોપાલ વર્માની "ગાયબ" તેમાં મહત્વની છે અને આ બંને ફિલ્મો મિસ્ટર એક્સ ઈન બોમ્બે ના ખભા ઉપર ઉભી છે એટલે આપણને તે મિસ્ટર એક્સ ઈન બોમ્બે કરતા વધુ તાજી અને ટેકનિકલી મેચ્યોર લાગે છે. ■ naranbaraiya277@gmail.com

# ગુરુ બીના જ્ઞાન નહીં...




૧૦મી જુલાઈના રોજ ગુરુપૂર્ણિમાનો પાવન પર્વ છે. ભારતની ભવ્ય અને દિવ્ય ભૂમિ પર સંતો, મહાત્માઓ, ઋષિઓ અને ગુરુઓનું અતુલ્ય મહત્વ છે. ગુરુ અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે. ગુરુ જ્ઞાનપુંજ છે. તેના થકી શિષ્યને જીવન જીવવાની કેળવણી અને શિક્ષણ બંને પ્રાપ્ત થાય છે. દુનિયામાં જે પણ મહાપુરુષો નિર્માણ થયા છે. તેના પાયામાં પ્રાણવાયુ સમા ગુરુનો અનન્ય ફાળો છે. પ્રાચીન સમયે ગુરુકુળ વ્યવસ્થા હતી ત્યાં વિદ્યાર્થીઓને સમાજ જીવન સાથે કઈ રીતે જીવન જીવવું તેની કલા હસ્તગત કરાવવામાં આવતી હતી.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આજે શાળાઓમાં કઈ રીતે ટકા લાવવા તે શીખવવામાં આવે છે એટલે રેન્કમાં પ્રથમ નંબર આવે, પરંતુ માનવતા અને સમજણમાં ઝીરો ટકા મૂલ્ય હોય. આદર્શ મૂલ્યો, સમજણ, સંસ્કાર, સત્કાર્યો, સેવાકીય પ્રવૃત્તિ અને શિક્ષણ જેવા આધારસ્તંભો નિર્માણ કરવાનું કાર્ય ગુરુઓ કરે છે. આજે તો અનેક સંપ્રદાયમાં સાધુત્વ પ્રાપ્ત કર્યા પછી પણ સોશિયલ મીડિયામાં એવી પોસ્ટ આવે છે કે સમગ્ર વિશ્વ લાજે તેવા કિસ્સાઓ ભારતની અસ્મિતાને ઠેસ પહોચાડે છે. ગુરુ જ્ઞાનની સાથે સમજશક્તિ અને રાષ્ટ્રશક્તિ નિર્માણ કરવાની નીવ કંડારે છે. ડૉ.અબ્દુલ કલામને સુબ્રમણીયમ જેવા દીર્ઘદ્રષ્ટા ગુરુ મળ્યા એટલે કલામ સાહેબ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક તેમજ રાષ્ટ્રપતિ બન્યા.

ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુઓનું સ્મરણ કરવાથી વિસ્મરણ થઈ ગયેલું જ્ઞાન પુનઃ જીવંત થાય છે. ગુરુ માટે હૃદયમાં આદરભાવ અને સ્નેહભાવ નિરંતર ઝરણાની જેમ વહેતો હોવો જોઈએ. મારા જીવનમાં મારા ગુરુજીનું અદ્ભુત મહત્વ છે. હું મોર્ડન હાઈસ્કૂલ હિંમતનગરમાં અભ્યાસ કરતો હતો ત્યારે બીપીનભાઈ ઉપાધ્યાય સાહેબના તાર્કિક અને હૃદયસ્પર્શી શિક્ષણના વિચારો મારા હૃદયમાં કરકમલની જેમ અંકિત થઈ ગયા હતા. તેમના આશીર્વાદથી આજે સિદ્ધિ પ્રાપ્ત થઈ રહી છે. કોલેજમાં આવ્યો ત્યારે આર.એચ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવા વાડજ, અમદાવાદ કોલેજના ઈતિહાસ અધ્યક્ષ ડૉ. હસમુખભાઈ પટેલ મારા પ્રેરણામૂર્તિ અને આદર્શ ગુરુ રહ્યા. તેમના જ કારણે હું કોલેજમાં ફર્સ્ટ આવ્યો. તેઓ સતત માર્ગદર્શન અને પ્રેરણા આપતા રહયા. એમ. એન. શુક્લ બી.એડ. કોલેજ થલતેજમાં ડૉ. સતીશ શુક્લા અને ડૉ. સંજય ઠાકર જેવા શિક્ષણવિદ્ ગુરુઓ દ્વારા ઉત્તમ પ્રશિક્ષણ પ્રાપ્ત થયું. શિક્ષક તરીકે નોકરીએ લાગ્યો ત્યારે વિદ્યા વિકાસ મંડળના પ્રમુખ અને ચુસ્ત ગાંધીવાદી ચંદુભાઈ પટેલ સાહેબના સત્સંગથી વાંચન, લેખન અને સમાજસેવાના અદ્ભુત ગુણો વારસામાં પ્રાપ્ત થયા. મને લખવાની પ્રેરણા આપનાર મારા ગુરુ સ્વ.ચંદુભાઈ સાહેબ પિતાતુલ્ય રહ્યા. અક્ષરનિવાસી થતા દેહદાતા બન્યા અને મને એમણે એવું કહેલું કે લખવાનું ચાલુ રાખજો. ખેડા જિલ્લા શિક્ષણ અધિકારી ગણપતભાઈ પટેલ (સૌમ્ય)જેવા સાહિત્યકાર, પદ્યમાં કાવ્ય લખનાર સાહિત્યજીવ અધિકારી સાહેબ સાથે મુલાકાત થતા તેમણે પણ લેખન ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા આપી. મારા જીવનમાં સૌથી વધારે જેમનો અનંત પ્રેમ હતો તેવા શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટના તંત્રી અને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. બેચરભાઈ પટેલ જેઓ ગુજરાતી સાહિત્યના લેખક, ચિંતક, મીમાંસક અને સમીક્ષક જેઓએ ગુજરાતી સાહિત્યને અદ્ભુત વારસો આપ્યો છે એવા ડૉ. બેચરભાઈ સાહેબ કોરોના સમયે અક્ષરનિવાસી થયા તે પૂર્વે મને રોજ ડૉ. વિપુલ પટેલ કહેતા હતા. મારા ગુરુનો દેહાંત થતાં સાચી શ્રદ્ધાંજલિ આપવા મે પી.એચડી. જોઈન્ટ કર્યું. થોડા સમયમાં મારા ગુરુના ચરણે મારી પી.એચડી.ની ડીગ્રી અર્પણ કરીશ. હું કદાચ એકલવ્ય ન બની શકું પરંતુ મારા ગુરુની જે ઈચ્છા હતી તે પૂર્ણ ના કરૂં તો શિષ્યત્વ લાજે. અચલા એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સાહિત્યકાર ડૉ. મફતભાઈ પટેલ મારા પિતાતુલ્ય ગુરુ રહ્યા છે. તેઓના સત્સંગ અને સાથે રહેવાથી લેખન, વાંચન અને સમાજસેવા કરવાની તક મળી છે. તેમના જ થકી હું અમદાવાદમાં ગાંધી વિદ્યાલય, અસારવા ખાતે આચાર્ય તરીકે નિયુક્ત થયો છું.

જીવનમાં ગુરુ જીવન જીવવાની કલા શીખવે છે. માતાપિતા, પરિવાર એ પોષણ આપે છે. પરંતુ સમાજની અંદર અડીખમ સ્પર્ધાના યુગમાં ઉભા રહેવાની તાકાત ગુરુના આશીર્વાદથી પ્રાપ્ત થતી હોય છે. ગુરુ જ્ઞાનનો ભંડાર હોય છે. તેમના આશીર્વાદ અમૃત સમાન હોય છે. મારા જીવનમાં મારા ગુરુઓનું અદ્ભુત મહત્વ છે. આજે જે પણ છું તેની પાયાની ઈંટ મારા ગુરુજનો છે. એટલે જ કહેવાય છે કે ગુરુ બીના જ્ઞાન નહીં... માતાજી મારા તમામ ગુરુજનોને સુખી, સમૃદ્ધ અને લાબું દીર્ઘાયુ અર્પણ કરે તેવી ભાવના સેવું છું. ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ચરણવંદના સાથે કોટી કોટી નમન કરું છું. જગતના સૌ ગુરુઓને પણ વંદન કરું છું. ■ Mo.9825702282

# સગર્ભાવસ્થામાં પોષણયુક્ત આહાર





આપણા સમાજમાં મોટાભાગની સ્ત્રીઓ પોતાની જરૂરિયાત કરતા ઓછો ખોરાક લે છે, જેથી તે સ્ત્રીઓનું સ્વાસ્થ્ય પણ નબળું પડી જાય છે તથા આવનાર બાળકમાં પણ કુપોષણના ચિન્હો જોવા મળે છે. જેથી સગર્ભાવસ્થામાં જરૂરિયાત મુજબનો આહાર લેવો ખૂબ જરૂરી છે. સગર્ભાવસ્થામાં સ્ત્રીના શરીરમાં ઘણા ફેરફારો થાય છે. વિવિધ તંત્રોની વધતી ક્રિયાઓ અને વધતું બાળક માતાના શરીર પાસેથી ઘણી અપેક્ષાઓ રાખે છે.

આથી આ ગાળામાં માતાની વિશિષ્ટ સારવારની આવશ્યકતા હોય છે. જેથી બાળક અને માતાનું સ્વાસ્થ્ય સારૂ રહે. સગર્ભાવસ્થામાં માતાને કેવા પ્રકારની આવશ્યકતા છે, તે જાણવું ખૂબ અગત્યનું છે. માતાની સંભાળ ગર્ભસ્થ શિશુના સ્વાસ્થ્યને અસર કરે છે. જેથી સગર્ભા સ્ત્રીની ખોરાકની જરૂરિયાત રોજિંદો શ્રમ કરતી સ્ત્રી કરતા વધારે હોય છે. વિકાસ પામતા ગર્ભને પોષણ માતા પાસેથી મળે છે. આ ઉપરાંત માતાના શરીરમાં થઈ રહેલ ફેરફારના લીધે તેને કેલરી, પ્રોટીન, વિટામિન અને ખનિજ ક્ષારોની વધારાની માત્રાની જરૂરિયાત હોય છે. આ બન્ને કારણોને લીધે જ સગર્ભા સ્ત્રીને પ્રમાણમાં વધુ ખોરાકની જરૂરિયાત હોય છે. કેટલાક ખનિજક્ષારોની અને વિટામિનોની જરૂરિયાત અન્ય ખનિજક્ષારો કે વિટામિનો કરતા વધુ હોય છે. જેવા કે, કેલ્શિયમ, લોહતત્વ અને વિટામીન-બી કોમ્પલેક્ષ. ફક્ત આહારની માત્રા જ નહિ, પરંતુ તેની ગુણવત્તા મહત્વની છે. પૌષ્ટિક ખોરાકમાં ફળ, લીલા શાકભાજી, દાળ, દૂધ અને દૂધની બનાવટોનો સમાવેશ કરવો જોઈએ. જે માતાઓ સમતોલ ખોરાક ખાય છે તેમનું સ્વાસ્થ્ય સગર્ભાવસ્થામાં સારૂ રહે છે અને તેઓને રોગો પણ ઓછા થાય છે. જે માતાઓ યોગ્ય આહાર લે છે, તેમના બાળકોનું સ્વાસ્થ્ય સારૂ હોય છે, તેમનામાં પ્રતિકારક શક્તિ વધુ હોય છે, જેથી તેમને શરદી, ઉધરસ અને શ્વાસને લગતા રોગ, ન્યુમોનિયા અને ધનુર જેવા રોગો થવાની શક્યતા ઓછી હોય છે. આનાથી વિપરીત જે માતાઓ આવી સ્થિતિમાં યોગ્ય આહાર નથી લેતી, તેઓના શિશુઓનું વજન જન્મ સમયે ઓછું હોય છે. જેથી તેનો પ્રતિકુળ પ્રભાવ શિશુના શારીરિક અને માનસિક વિકાસ પર થઈ શકે છે તથા તે બાળક વારંવાર માંદુ થઈ જાય છે, આહાર પણ સરખું લઈ શકતું નથી અને કુપોષણયુક્ત બને છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

તેમ ન થાય તે માટે સ્ત્રીઓને કેટલા પોષક તત્વોની જરૂરિયાત છે તે જાણવું જરૂરી છે અને તે મુજબ આહાર લેવો જરૂરી છે.

કાર્બોદિત પદાર્થો - દા.ત. બધા અનાજ (મકાઈ, ઘઉં, ચોખા, જુવાર, બાજરી વગેરે) બટાકા, સૂરણ, ખાંડ, ગોળ વગેરે જે શરીરને શક્તિ પૂરી પાડે છે.

પ્રોટીન - દા.ત. કઠોળ (મગ, તુવેર, મઠ, ચણા, વટાણા, ચોળા, અળદ વગેરે) તેલીબિયા (મગફળી, સોયાબિન, તલ વગેરે) દૂધ, ઈંડા વગેરે.

ચરબી - તેલ, ઘી, માખણ, મલાઈ વગેરે શરીરને શક્તિ પૂરી પાડે છે.

કેલ્શિયમ - દૂધ, દહીં, છાશ, ચીઝ, તાંદળજો, મેથી, સરગવાના પાન વગેરે. (શરીરમાં કેલ્શિયમ સારી રીતે વપરાય તે માટે દરરોજ થોડો સમય તડકામાં રહેવું જોઈએ.)

પ્રજીવકો અને ક્ષારો (વિટામીન્સ અને મિનરલ્સ) - જુદા જુદા ફળોમાંથી મળી રહે છે. જે શરીરની વિવિધ પ્રક્રિયાઓ માટે ખૂબ જરૂરી છે.

લોહતત્વવાળા ખોરાક - ખજુર, અખરોટ, દ્રાક્ષ, બીટ, કઠોળ, બાજરી, રાગી, ગોળ, લીલા પાંદડાવાળા શાકભાજી.

લોખંડના વાસણમાં રાંધવાથી પણ આપણા ખોરાકમાં લોહતત્વ વધુ મળે છે. (ક્રમશ:)

hemangidmehta@gmail.com

# બોસ ઘરવાળીને લઈને ઘરની બહાર નીકળ્યાં




(ગયા અંકથી ચાલુ..)

બોસ ઘરવાળીને લઈને ઘરની બહાર નીકળ્યાં.

બન્ને ખુશ હતાં. આ જોઈને બોસના ઘર પાસે લાઈનમાં ઊભા રહેલાં પોણા ગામે હસતાં હસતાં કહ્યું. "તમ-તમારે ખુશીથી જાવ. હારા હમાચાર લઈને જલ્દી પાછાં આવજો." હંધાયે બે હાથે ટાટા બાય -બાય કર્યું. બોસ તો હંધૂય હમજી ગયાં. એ મનમાં ને મનમાં ખુશ હતાં. પણ, ઘરવાળીને વિચિત્ર લાગ્યું. "કેમ ? કેમ ? હારા હમાચાર?? આ ઉંમરે હવે તમને એવું કાંઈ લાગે છે? શું અમારે બેય માણહને બહારેય ના જાવું?"

"ના ના ના. એવું નથી. તમ- તમારે ખુશીથી જાવ.(પણ ! લગભગ પાછાં નહીં આવો) આ શબ્દો સૌ ગળી ગયાં." બોસનું ઘર ગામને છેવાડે. અવરજવર ઓછી. એટલે હંધાયની ઘરે જલ્દી ખબર ના પડી. ચા પાણીના રસીયાને હવે કોટો ઉતરી રહ્યો હતો. તો કેટલાક વારામાં રૂમાલ રાખીને કોટો ચડાવી આવ્યાં. માવા ફાકીના બંધાણીનેય પાનના ગલ્લે જવું પડ્યું. હારે હારે પાંચ સાત ફાકીય બંધાવતા આવ્યાં.



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

બોસ જ્યાં સુધી નવી ભાભીને લઈને ના આવે ત્યાં સુધી સમય તો કાઢવો જ પડશે. એક જણે કહ્યું. "મને તો લાગે છે કે, વિદેશમાંથી આ હંધૂય આવ્યું હશે. દુનિયામાં અત્યારે અંદરોઅંદર કેટલાં 'ય દેશો યુધ્ધે ચડ્યા છે. જીવ કોને વ્હાલો ના હોય!? બે ચાર કન્ટેનર ભરીને આવી ચડ્યા હશે. પછી આવી જ ચડ્યા હોય તો નિકાલ તો કરવો જ પડે ને." તો બીજાએ દલીલ કરી. "જૂના હામે નવી આવશે ઈ આપણી ભાષા હમજશે? " તો કોઈકે કહ્યું. "આ તમે એમ.પી. અને મહારાષ્ટ્ર બાજુથી બાયું લઈ આવો છો. મતલબ ખરીદી કરી આવો છો, એ તમારી ભાષા હમજે છે?? છતાંય તમે લઈ આવો છો કે નહીં?? છોકરીવાળાને તો પૈસા આપો જ છો. એજન્ટનેય પૈસા નથી આપતાં?" "એજન્ટ તો અહીંયાય છે જ ને." "બોસ આપણી પાંહેથી થોડાં પૈસા લેહે..!!"

જાત -જાતની અને ભાત -ભાતની વાતો ચાલી રહી હતી. તો વળી કોઈક હળંગ ડાયાએ બાજુંના ગામમાં આખેઆખી વાત ફોનમાં કરી દીધી. તો કેટ -કેટલા 'ય રહના ઘોયા આ બધુ જોવાં જાણવાં આવી ચડ્યા. ગામમાં ધીમે ધીમે ખબર પડવાં લાગી કે, ગામમાં કંઈક નવાજૂની છે. બપોર થયા, ઘરવાળા જમવા ના આવ્યાં એટલે ઉતાવળી ઘરવાળી શેરીમાં નીકળી. "હેં..હમજુબેન! બપોર થયાં તમારાં ભાઈ જમવા નથી આવ્યાં. મારાં ભાઈ જમી ગયાં??"

"નારે ના. જોને તારાં ભાઈએ 'ય ક્યાં દેખાણાં છે.

મને લાગેશ ક્યાંક બિયારણ હારું ભટકતાં હશે. બીચારા ખાધાં પીધાં વગરનાં ક્યાંક પાટકતા હશે. બિયારણ તો છે, પણ જૂનું છે. હંધાય કહે નવું જોઈએ. નવું હારું ઉગે. એટલે આમથી તેમ આંટાફેરા કરતાં હશે."

"હાચી વાત છે બેન. અમારે એનું તો હાવ ભગત જેવું ખાતું. કોક કહે આમ કરો તો એમ કરે. કોક કહે તેમ કરો. તો તેમ કરે. હાવ ભગવાનનું માણસ. મને લાગેશે કે, ઈ'ય નવાં બિયારણ હારું જ ગ્યા હશે. આ તો મને થોડી ચંત્યા થઈ. એટલે આ બાજું હાલી આવી. બૈરાની જાત છે. ચંત્યા તો થાય ને ઘરવાળાની."

આ વાતચીત હાંભળીને કોઈક અટકચાળા છોકરાએ કહ્યું. "તંઈ વાત હાચી. ગામનાં છેવાડે બોસના ઘર પાંહે ગામનાં હંધાય નવું નવું કાંઈક બોલતાં 'તા. મને લાગે છે કે ઈ હારું જ હંધાય લાઈનમાં ઊભા હશે."

"જોને હમજુ! બચાડા નવા બિયારણ હારું ઈવડા ઈ હવારના ખાધા પીધા વગરનાં લાઈનમાં ઊભા છે. અને આપણે અહીં ખાટે હિંચકીએ છીએ.

બચાડાને કેટલી ચિંતા છે..!!

આ સરકારેય હાવ ગેલહાગરી છે. ખાતરમાં લાઈન, બિયારણમાં લાઈન અને જણસ વેચવા જાવ તો ન્યાં'ય લાઈન.

હું ય તે મૂઈ કેટ-કેટલું આડું અવળું વિચારવા લાગી. હવે આ ઉંમરે બચાડા કીધાં કારવ્યા વગર થોડાં કાંઈ કરે. હાલ તંઈ ઈવડા ઈનું તો કાંઈ નક્કી નહીં. આપણે તો પેટનો ખાડો પૂરવો પડશે."

બોસ ઘરવાળીને લઈને બહાર નીકળ્યા. સાથે સાથે એમને'ય અંદરખાને ડર હતો કે, 'આવું કેવી રીતે બની શકે? જૂની બૈરીના બદલામાં કોઈ નવી બૈરી કેવી રીતે આપી શકે? પણ, અખતરો કરવામાં શું જાય છે? લાગે તો તીર.. નહીંતર થોથું. અને આ નવી દુનિયામાં કાંઈ નક્કી નહીં. હોય તો હોય પણ ખરું. હા પણ, ઝોખમ તો છે. '

એટલે બોસે પહેલાંથી જ અમથાલાલને હારે આવવાનું કહી દીધું હતું. 'તમારે પાછળ પાછળ રહેવાનું. વધારે કાંઈ ગરબડ ગોટાળો લાગે તો તરત જ આવી જવાનું. '

અમથાલાલ બધી જ તૈયારીઓ કરીને પગલે પગલું દબાવીને જઈ રહ્યા હતાં.

બોસ જેવાં ધમાકા ઓફર વાળી જગ્યાએ ગયાં. એમણે એમની પોઝિશન લઈ લીધી.

બોસે અંદર જઈને ખર્ચ બાબત ચર્ચા કરી લીધી. પણ, એક શંકા જણાવી.

"મારે છે, એનાં કરતાં મોડલ ખરાબ આવે તો??"

"એવું નહીં બને સાહેબ! પહેલાં તમને ફોટો બતાવવામાં આવશે. તમે હા પાડો પછી જ તમને સોંપવામાં આવશે. "દુકાનદારે હૈયાધારણ આપી.

ચાર પાંચ કલાક પછી બોસને એક ફોટો બતાવ્યો.

બોસ તો રાજી રાજી થઈ ગયાં. અમથાલાલને બે અંગુઠાનું નિશાન પણ બતાવી દીધું.

બીલ ચૂકવતી વખતે બોસે કહ્યું

"ભાઈ! થોડુંક વ્યાજબી તો કરો. ત્યારે ફોટાવાળી બાઈ બોલી. "હા હા ભાઈ! બ્યુટીપાર્લરના આટલાં બધાં રૂપિયા હોય!??"

બોસે લમણે હાથ મૂક્યો." હો હો, આ તો આપણું જ પાર્સલ છે. વાટા પ્લાસ્ટર વાળું."

ઘરે આવીને બોસે જાહેરાતના બેનર સામે જોઈને કહ્યું.

"ભાઈઓ, આમાં મારે એજન્ટ બનવું નથી. આ બ્યુટીપાર્લરની જાહેરાત છે. આઠ દસ હજાર ખર્ચ કરવો હોય ઈ સીધાં જ જઈ આવજો."

ફોન માહ્યલી "ધમાકા ઓફરની" જાહેરાત હંધાયે ડિલીટ કરી નાખી. ■

kalubhaibhad123@gmail.com

# હિલ સ્ટેશન આબુની સફરે...



આબુ એટલે આબુ ...બસ આબુનું નામ પડે એટલે ગુજરાત કે રાજસ્થાનનો માનવી ત્યાં ફરવા જવા હંમેશાં તૈયાર થઈ જાય. આબુમાં તમને નખી લેઈક, ગુરુ શિખર, ટોડ રોક વ્યૂ પોઈન્ટ, દેલવાડાના દેરા-જૈન મંદિર, લાલ મંદિર, ટ્રેવર્સ ટેન્ક, અચલેશ્વર મહાદેવ મંદિર, અચલગઢ કિલ્લો, સનસેટ પોઈન્ટ અને ગૌમુખ મંદિર...જેવાં અનેક દર્શનીય સ્થળ જોવા-જાણવા-માણવા મળશે.

માઉન્ટ આબુનો પૌરાણિક ઈતિહાસ :

માઉન્ટ આબુને પ્રાચીન પુરાણોમાં અર્બુદાંચલ કે અર્બુદારણ્યના નામથી ઓળખાય છે. આબુ એ આ નામનો જ એક ભાગ છે. એવું મનાય છે કે, ઋષિ વિશ્વામિત્ર સાથેના મતભેદના કારણે ઋષિ વશિષ્ઠ માઉન્ટ આબુમાં આવીને નિવૃત્ત થયા હતા. અહીં વશિષ્ઠ આશ્રમ પણ આવેલો છે. ઈતિહાસની બીજી એક કથા મુજબ "અર્બુદા" નામના મદારીએ ભગવાન શિવના બળદ એવા નંદીનો જીવ બચાવ્યો હતો. એ ઘટના જે પર્વત પર ઘટી હતી. તે પર્વત હાલ માઉન્ટ આબુના નામે ઓળખાય છે. ઉપરોક્ત ઘટના પરથી પર્વતનું નામ "અર્બુદારણ્ય" પડ્યું હતું, જે ધીમે ધીમે આબુ બની ગયું.

(૩) ટોડ રોક વ્યૂ પોઈન્ટ : નખી લેઈકની નજીક અનેક ખડક વિચિત્ર આકારથી ઘેરાયેલા છે. તેથી પ્રવાસીઓ માટે તે ફોટા કે સેલ્ફી લેવાનું એક ઓપ્શન બની રહે છે. તેમાં સૌથી લોકપ્રિય પોઈન્ટ ટોડ રોક વ્યૂ પોઈન્ટ છે. આ પોઈન્ટ નખી લેઈકની નજીક મુખ્ય ટ્રેકિંગ ટ્રેઈલ પર આવેલો છે. તેનાં નામ પરથી જ અંદાજ લગાવી શકાય કે તે દેડકા જેવો આકાર ધરાવે છે. અહીંનું ચઢાણ ખૂબ સરળ છે, ત્યાંથી નખી લેઈક તથા આસપાસના સુંદર દ્રશ્યો માણી શકાય છે. એમાં ય ચોમાસામાં તો અહીંનો નજારો ખૂબ અદ્ભુત અને વધારે સુંદર લાગે છે.

(૫) લાલ મંદિર : દેલવાડા રોડ પર દેલવાડા જૈન મંદિર પાસે એક નાનું શિવ મંદિર લાલ મંદિરના નામે ઓળખાય છે. આ મંદિરનું વાતાવરણ ખૂબ શાંતિદાયક છે, જે માઉન્ટ આબુમાં આવેલાં પ્રાચીન સ્થળોમાંનું એક મનાય છે. આ શિવ મંદિરની દરેક દિવાલ લાલ રંગથી રંગાયેલી હોવાને કારણે પણ એને લાલ મંદિર કહે છે.

(૮) અચલગઢ કિલ્લો : અચલગઢ કિલ્લો એ શહેરથી ઉત્તર દિશામાં આશરે ૨૬ કિલોમીટરના અંતરે આવેલો છે. પરમાર રાજવંશ દ્વારા આ કિલ્લાનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું. જો કે, તેનો જીર્ણોદ્ધાર પાછળથી કરાયો હતો. ઈ.સ. ૧૪૫૨માં મહારાણા કુંભા દ્વારા તેનું નામ અચલગઢ રાખવામાં આવ્યું હતું. અચલેશ્વર મહાદેવનું આ મંદિર કિલ્લાની બહાર આવેલું છે.

(૧૦) ગૌમુખ મંદિર : માઉન્ટ આબુનું સૌથી વધુ મનમોહક સ્થળ હોય તો તે ગૌમુખ છે. અહીં ભગવાન શિવના દર્શન માટે તમારે અંદાજે ૭૦૦ સીડી ઉતરીને જવું પડે છે. આ સમયે તમને ત્યાં ખીણના આકર્ષક દ્રશ્ય પણ જોવા મળશે, જો ચોમાસું હશે તો તમને વધારે આનંદનો અનુભવ થશે. આ મંદિર ગાઢ જંગલની વચ્ચોવચ આવેલું છે. અહીં ભગવાન કૃષ્ણ, ભગવાન રામ અને વશિષ્ઠ ઋષિની મૂર્તિઓ દર્શનીય છે. ગૌમુખમાંથી એક રહસ્યમય પાણી વહે છે, આ પાણી ક્યાંથી આવે છે તેની કોઈને જાણ નથી. દંતકથા અનુસાર અહીંથી આવતું પાણી સરસ્વતી નદીનું ઉદ્ગમસ્થાન મનાય છે.

(૨) ગુરુ શિખર : અરવલ્લી ગિરિમાળાનું સૌથી ઊંચુ શિખર એટલે ગુરુ શિખર. માઉન્ટ આબુમાં ફરવા આવતાં સહેલાણીઓ માટે આ ખાસ આકર્ષણનું સ્થળ ગણાય છે. ગુરુ શિખર પહોંચ્યા પછી અંદાજે ૩૦૦ જેટલાં પગલાં ચઢીને ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને શિવના અવતાર દત્તાત્રેય મંદિરે પહોંચી શકાય છે. લોકો મંદિરમાં દર્શન કરવા અને ત્યાંથી દેખાતા સુંદર દ્રશ્યોને જોવા-માણવા માટે અહીં આવે છે.

(૪) દેલવાડાના દેરા-જૈન મંદિર : માઉન્ટ આબુનાં જોવાલાયક સ્થળમાંનું એક દેલવાડાના દેરાં છે. તે ૧૧મી અને ૧૩મી સદીની વચ્ચેના સમયમાં બનેલાં છે. આર્કિટેક્ચરની દ્રષ્ટિએ ખૂબ જ શ્રેષ્ઠ ગણાતાં આ દેરામાં સફેદ આરસપહાણમાંથી કરેલી કોતરણીઓ દરવાજાથી લઈને છત સુધી દરેક જગ્યાએ ફેલાયેલી છે.

(૧) નખી લેઈક : નખી લેઈક એ ભારતનું સૌપ્રથમ માનવનિર્મિત તળાવ તરીકે છે, જ્યાં બોટિંગની વ્યવસ્થા પણ છે. ત્યાંથી તેની આજુબાજુમાં આવેલી ટેકરીઓનો નજારો માણી શકો છે. ત્યાંથી સાંજના સમયે આથમતો સૂર્ય જોવાની મજા અનેરી બની રહે છે, આ સૂર્યાસ્ત મનમોહક લાગે છે. જો ઘોડેસવારીનો શોખ હોય તો નખી લેઈક પાસે ઘણાં ઘોડાવાળા હોય છે. જ્યાં તમે ઘોડેસવારી કરી શકો છે. નખી લેઈકની નજીકમાં એક બજાર આવેલું છે, જ્યાંથી તમે શોપિંગ કરી શકો છો. નખી લેઈકમાં તમે શિકારા, પેડલ બોટ, રો બોટ વગેરેની માજા માણી શકો છો. લેઈક પાસેના ગાર્ડનમાં વિરામ કરી શકો છો અને તળાવનો કુદરતી નજારો માણી શકો છો.

(૭) અચલેશ્વર મહાદેવ મંદિર : સ્થાનિક દંતકથા અનુસાર, ભગવાન શિવનું આ મંદિર ભગવાન શિવના અંગૂઠાની છાપની આસપાસ બનાવેલું છે. મંદિર તેના અદ્ભુત વાતાવરણ, ઝીણી કોતરણી અને અસંખ્ય નંદીની મૂર્તિઓ માટે જાણીતું છે. મંદિરની અંદર એક ખાડો છે, જેને નરકનું પ્રવેશદ્વાર કહેવામાં આવે છે. અચલેશ્વર મંદિર તેના ઈતિહાસ અને સ્થાનિક દંતકથાના લીધે વધુ જાણીતું છે. માઉન્ટ આબુથી ૧૧ કિમીના અંતરે આવેલું આ મંદિર દર્શનીય છે.



પ્રવાસનામા
જયસ્વી પટેલ

(૬) ટ્રેવર્સ ટેન્ક : ટ્રેવર્સ ટેન્ક એ એક અદ્ભુત મનમોહક સ્થળ છે. આ સ્થળ પર મગર, પક્ષીઓ અને અન્ય વન્યજીવો જોઈ શકાય છે. હરિયાળીના કારણે વાતાવરણ અતિ ખુશનુમા જોવા મળે છે. જે લોકપ્રિય પિકનિક સ્થળોમાંનું એક છે. ટ્રેવર્સ ટેન્ક એક કોકોડાઈલ પાર્ક છે. આ સ્થળનું નામ એક બ્રિટિશ એન્જિનિયરના નામ પરથી રખાયું છે. અહીં તમે મગરને નિહાળવાની સાથોસાથ કુદરતી સૌંદર્યને પણ જાણી-માણી શકશો.

(૯) સનસેટ પોઈન્ટ : માઉન્ટ આબુનો પ્રવાસ સનસેટ પોઈન્ટને માણ્યા વિના અધૂરો જ ગણાય છે. અસ્ત થતા સૂરજના કિરણોને પોતાની અંદર સમાવતી અરવલ્લી પર્વતમાળાનો નજારો આ વખતે કંઈક અલગ જ લાગે છે. નખી લેઈક પાસે આવેલું આ સ્થળ એક સારું પિકનિક સ્પોટ પણ છે.

માઉન્ટ આબુ જવા માટે ઉત્તમ સમય :

આમ તો માઉન્ટ આબુ જવા માટે કોઈ પણ સમય અનુકૂળ જ હોય છે. પણ નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન આબુ જશો તો ત્યાંનું તાપમાન રાત્રે ૮°Cથી ઘણીવાર -૨°C થઈ જતું હોય છે. જો માર્ચથી જૂન દરમિયાન આબુ જશો તો ત્યાંનું તાપમાન ૩૦°Cથી ૩૪°C સુધી હોય છે. ઉનાળામાં રાતના સમયે પણ અહીં ઠંડકનો અનુભવ થાય છે. જો જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન આબુ જશો તો ત્યાંનું તાપમાન ૨૮°Cથી ૩૪°Cની આસપાસ હોય છે તથા વરસાદને કારણે અહીંનું વાતાવરણ વધુ આહલાદક બન્યું હોય છે. ■

sanjogpurti@gmail.com



# ચાલોને રમીએ હોડી-હોડી!

"એ બીટ્ટુ! જો તો ખરી કેવો ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે! ચાલને, વરસતા વરસાદમાં હોડી હોડી રમીએ! રમવાની મજા પડશે મજા!" - કીટ્ટુ કીડી હરખાતી હરખાતી બોલી. "અરે હા કીટ્ટુ! વરસતા વરસાદમાં હોડી હોડી રમવાની ખરેખર મજા પડશે! પણ કીટ્ટુ, તું જરા ઊભી રહે, હું હમણાં જ મીટ્ટુને બોલાવી લઉં." - એમ કહેતાં બીટ્ટુ દોડતી મીટ્ટુને બોલાવવા ગઈ. બીટ્ટુ આમ ગઈ ને આમ પાછી આવી ગઈ. સાથે મીટ્ટુ પણ હતી. બધાં હોડી હોડી રમવા આતુર હતાં. અચાનક બીટ્ટુ બોલી, "અરે રુકો રુકો સબ, હોડી હોડી રમવા તો દોડ્યાં, પણ હોડી ક્યાં!" "અરે બાપ રે! એ તો ભૂલાઈ જ ગયું!" - બધાં એકસાથે બોલ્યાં.

"રુકો રુકો! હું આમ ગઈ ને આમ આવી" - એમ કહેતાં કીટ્ટુ દોડતી ગઈ ને દોડતી આવી. આવીને કહે, "લો આ કાગળ! ચાલો બનાવો હોડી! પછી જઈએ રમવા." બધાં હોડી બનાવવા બેસી ગયાં. ઘડીભરમાં હોડી તૈયાર! લાલ, લીલી, પીળી રંગબેરંગી હોડી લઈ સૌ દોડ્યાં. દોડતાં ગયાં ને હોડી મૂકી વહેતા પાણીમાં. વહેતા પાણી સાથે હોડી સરરરર સરરરર કરતી દોડવા લાગી.



રે વાર્તા!
મનીષ સુથાર

હોડી તરતી જાય ને બીટ્ટુ, મીટ્ટુ, કીટ્ટુ પાછળ પાછળ દોડતાં જાય. ઘડીકમાં લીલી આગળ, ઘડીકમાં લાલ આગળ તો ઘડીકમાં પીળી આગળ. આગળ-પાછળ પાછળ-આગળ. રંગબેરંગી હોડી જાય રમતી! રંગબેરંગી હોડી જાય તરતી! હોડી આગળ ને બીટ્ટુ, મીટ્ટુ, કીટ્ટુ પાછળ. દોડતાં જાય, રમતાં જાય ને તાળી પાડતાં જાય! એવામાં અચાનક એક મોટો ખાડો આવ્યો. ખાડામાં હોડી ફસાઈ ગઈ. પાછળ વહેતું પાણી આવતું હતું. બધુંય પાણી હોડી પર ફરી વળ્યું. બધી હોડી ડૂબી ગઈ! બીટ્ટુ, મીટ્ટુ, કીટ્ટુ નિરાશ થઈ ગયાં ને બોલ્યાં, "અરેરે! આપણી હોડી તો ડૂબી ગઈ! હોડી હોડી રમવાની કેવી મજા પડી હતી! હવે શું કરશું! "અરે! એમાં વળી શું! હું બીજા કાગળ લઈ આવું છું. આપણે બીજી હોડી બનાવીશું." - એમ કહેતાં કીટ્ટુ દોડતી ગઈ ને દોડતી આવી.

આવીને કહે, "લો આ કાગળ! ચાલો બનાવો હોડી! પછી જઈએ રમવા." બધાં હોડી બનાવવા બેસી ગયાં. ઘડીભરમાં હોડી તૈયાર! લાલ, લીલી, પીળી રંગબેરંગી હોડી લઈ વળી પાછાં સૌ દોડ્યાં. દોડતાં ગયાં ને વહેતા પાણીમાં હોડી તરતી મૂકી. વહેતા પાણી સાથે હોડી સરરરર સરરરર કરતી ફરી દોડવા લાગી. હોડી તરતી જાય ને બીટ્ટુ, મીટ્ટુ, કીટ્ટુ પાછળ દોડતાં જાય. હોડી આગળ ને બીટ્ટુ, મીટ્ટુ, કીટ્ટુ પાછળ. દોડતાં જાય, રમતાં જાય ને તાળી પાડતાં જાય! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# બિહારમાં આદિવાસી મહિલાઓને ૩૫ ટકા અનામત આપવા નીતિશ સરકારની મંજૂરી

(એચ.એસ.એલ),પટણા,તા.૮

બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જોકે, ચૂંટણીની તારીખની જાહેરાત પહેલાં જ રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારે માસ્ટરસ્ટ્રોક રમ્યો છે. સીએમ નીતિશ કુમારની કેબિનેટ બેઠકમાં ૪૩ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે. આમાં સૌથી મોટી જાહેરાત આદિવાસી મહિલાઓને ૩૫ ટકા અનામત અને યુવા આયોગની રચના અંગે કરવામાં આવી છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની સરકારે બિહારમાં સરકારી પદો પર સીધી ભરતીમાં આદિવાસી મહિલાઓને ૩૫ ટકા અનામત આપવાનો નિર્ણય લીધો છે. બિહારમાં મહિલાઓને પહેલાથી જ અનામત છે પરંતુ આજે આદિવાસી મહિલાઓને અનામત આપવાનો નિર્ણય



લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, બિહારમાં યુવા આયોગની રચનાને પણ કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે.

યુવા આયોગની રચના અંગે, મુખ્યમંત્રી નીતિશે એક્સ પર એક ટ્વિટમાં કહ્યું- "મને જણાવતા આનંદ થાય છે કે બિહારના યુવાનોને મહત્તમ રોજગારની તકો પૂરી પાડવા, તેમને તાલીમ આપવા અને તેમને મજબૂત અને સક્ષમ બનાવવાના ઉદ્દેશ્યથી, રાજ્ય સરકારે બિહાર યુવા આયોગની રચના કરવાનો નિર્ણય લીધો છે અને આજે મંત્રીમંડળે બિહાર યુવા આયોગની રચનાને પણ મંજૂરી આપી છે.

# ઈસરો પોતાનું સ્પેસ સ્ટેશન બનાવશે, ચંદ્ર પર અવકાશયાત્રીઓ મોકલશે

(એચ.એસ.એલ),લખનૌ,તા.૮

એક સમય હતો જ્યારે રોકેટ સાયકલ પર લઈ જવામાં આવતા હતા, પરંતુ આજે ભારત નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. હવે દેશ એવા રોકેટ પર કામ કરી રહ્યો છે જે પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં ૭૫ હજાર કિલોગ્રામ વજનના ઉપગ્રહો લોન્ચ કરી શકશે. ઈસરોનું આગામી મોટું લક્ષ્ય પોતાનું સ્પેસ સ્ટેશન બનાવવાનું અને ચંદ્રની સપાટી પર



અવકાશયાત્રીઓ મોકલવાનું છે.લખનૌમાં ઈસરાતના અધ્યક્ષ અને ભારત સરકારના અવકાશ વિભાગના સચિવ ડૉ. વી. નારાયણન દ્વારા આ વાત કહેવામાં આવી હતી.તેઓ 'વિકસિત ભારત ૨૦૪૭ ના નિર્માણમાં ઉત્તરપ્રદેશના પરિપ્રેક્ષ્યમાં અવકાશ ટેકનોલોજીનો ઉપયોગ' વિષય પર આયોજિત એક દિવસીય રાજ્ય સ્તરીય વર્કશોપને સંબોધિત કરી રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ઈસરો, અવકાશ વિભાગ, ભારત સરકાર અને ઉત્તરપ્રદેશના રિમોટ સેન્સિંગ એપ્લિકેશન સેન્ટર દ્વારા યોજના ભવનમાં કરવામાં આવ્યું હતું.ડૉ. નારાયણને કહ્યું કે ભારતે ૧૯૬૩ માં પોતાનું પહેલું રોકેટ લોન્ચ કર્યું હતું અને ત્યારથી અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ રોકેટ લોન્ચ કર્યા છે.

# મીરા રોડમાં ભાષા વિવાદ મામલે મનસેએ વિરોધ શરૂ કરતા અનેક કાર્યકરોની અટકાયત

મુંબઈ, તા.૮

હિન્દી વિરુદ્ધ મરાઠી ભાષા વિવાદ અંગે મુંબઈથી મોટા સમાચાર આવ્યા છે. મનસેના વિરોધ સંદર્ભે મુંબઈના મીરા રોડ વિસ્તારમાં મોટો હોબાળો થયો છે. પોલીસે ઘણા એમએનએસ કાર્યકરોની અટકાયત કરી છે. તમને જણાવી દઈએ કે મીરા રોડ પર મનસેના કાર્યકરો વિરોધ કરી રહ્યા હતાં. પોલીસે વિરોધ કરી રહેલા ઘણા કાર્યકરોની અટકાયત કરી છે. મનસેએ આજે મીરા રોડ વિસ્તારમાં મરાઠી સ્વાભિમાન મોરચો કાઢવાની જાહેરાત કરી હતી પરંતુ પોલીસે તેને મંજૂરી આપી નથી. પોલીસ તરફથી પરવાનગી ન મળતાં, કેટલાક લોકો નાના જૂથોમાં વિરોધ કરી રહ્યા હતા, ત્યારબાદ પોલીસે તેમની અટકાયત કરી છે. બીજી તરફ, ભાષા વિવાદ પર મીરા રોડના વેપારીઓ સામે મનસેના વળતા વિરોધ પર, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, "એવું કહેવું ખોટું હશે કે અમે મીરા રોડ પર વિરોધ માટે પરવાનગી આપી નથી.

# લીલીયા મોટાની આંગણવાડીની બહેનો આજે એક દિવસ સામૂહિક હડતાલ પર ઉતરશે

લીલીયા,તા. ૦૮

લીલીયા મોટા ઘટકના ૮૦ આંગણવાડી કેન્દ્રોની ૧૪૫ વર્કર અને હેલ્પર બહેનો એક દિવસની સામૂહિક રજા પર રહેશે. તેઓ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને સરકાર સામે વિરોધ નોંધાવશે. મુખ્ય માંગણીઓમાં ૨૦૧૮ પછી વેતન વધારો ન થયો હોવાનો મુદ્દો છે. આ ઉપરાંત,



રાજ્ય સરકારના પરિપત્ર છતાં વધારાની કામગીરીઓ જેવી કે પોષણ ટેકર લાભાર્થીઓના KYC અને દર મહિને ફોટો કેપ્ચર જેવી FRS કામગીરીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ કામગીરીઓ બાળકોને શિક્ષણથી વંચિત કરી પોષણના અધિકારો છીનવી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન, જે રાષ્ટ્રીય ટ્રેડ યુનિયન સી.ટુ સાથે જોડાયેલું છે, તેણે ચૂંટણી કામગીરી (BLO) સોંપવાનો પણ વિરોધ કર્યો છે. લીલીયા સી.ડી.પી.ઓ. કચેરી ખાતે નયનાબેન ગરાણીયાના અધ્યક્ષ સ્થાને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

# તામીલનાડુમાં સ્કૂલ વાન રેલવે ક્રોસિંગ પર ટ્રેન સાથે અથડાઈ, બે વિદ્યાર્થીઓના મોત

ચેન્નાઈ,તા.૮

તમિલનાડુથી એક હૃદયદ્રાવક અકસ્માત નોંધાયો છે. મંગળવારે રાજ્યના કુડ્ડલોર જિલ્લામાં રેલ્વે ક્રોસિંગ પર બાળકોને લઈ જતી સ્કૂલ વાન ચાલતી પેસેન્જર ટ્રેન સાથે અથડાઈ, જેમાં બે વિદ્યાર્થીઓના મોત થયા છે. ઓછામાં ઓછા છ અન્ય બાળકો ગંભીર રીતે ઘાયલ થયા. આ દુઃખદ અકસ્માત કુડ્ડલોર અને અલાપ્પક્કમ વચ્ચે માનવ સંચાલિત રેલ્વે ક્રોસિંગ પર સવારે ૭:૪૫ વાગ્યે થયો હતો, જેના કારણે સલામતીના નિયમો અને માનવીય ભૂલ પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. અકસ્માતમાં ગામના બે બાળકોના મોત થયા હતા. અન્ય બે બાળકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. કટોકટી સેવાઓએ ઘાયલ બાળકોને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે ટ્રેન આવી ત્યારે ફાટક ખુલ્લું હતો, જોકે ક્રોસિંગ માટે જવાબદાર રેલ્વે સ્ટાફ તે સમયે હાજર હતો કે નહીં તે સ્પષ્ટ નથી. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

# ગુજરાતમાં વર્ષ ૨૦૨૪-૨૫માં જીએસટીની રૂા.૧,૩૬,૭૪૮ કરોડની આવક નોંધાઈ

ગાંધીનગર, તા.૦૮

એક સમય હતો જ્યારે ગુજરાતમાં વેટ (VAT), CST, ઓક્ટ્રોય, એન્ટ્રી ટેક્સ, સર્વિસ ટેક્સ અને કેન્દ્રીય આબકારી જકાત જેવા ઘણા બધા કર (ટેક્સ) અમલમાં હતા. આ સિસ્ટમ ખૂબ જ જટીલ હતી, જેનાથી વેપારીઓને ટેક્સ ભરવામાં અનેક મુશ્કેલીઓ ઉદ્ભવતી હતી. ખાસ કરીને, વિવિધ રાજ્યોના અલગ-અલગ ટેક્સ રેટ અને નિયમો ઉપરાંત 'ટેક્સ પર ટેક્સ' (કેસ્કેડિંગ ઈફેક્ટ)ને કારણે વસ્તુઓ મોંઘી બનતી હતી અને વેપારમાં અવરોધો આવતા હતા. ગુજરાત જેવા નિકાસલક્ષી અને વેપાર-આધારિત રાજ્ય માટે આ પડકાર વધુ વિકટ હતો. આ પડકારનો સામનો કરવા અને દેશની અર્થવ્યવસ્થાને નવી દિશા આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિપૂર્ણ નિર્ણયથી તા. ૧ જુલાઈ, ૨૦૧૭ ના રોજ ભારતમાં ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગુ કરવામાં આવ્યો હતો. આ નિર્ણયથી ભારતમાં વસ્તુની ખરીદી કે સેવા મેળવવા પર માત્ર એક જ – GST કર લાગુ કરવામાં આવ્યો, જ્યારે અન્ય કરને નાબૂદ કરવામાં આવ્યા હતા. "એક રાષ્ટ્ર, એક કર"ના સિદ્ધાંત સાથે GSTએ કર પ્રણાલીને સરળ બનાવી, કરચોરી ઘટાડી અને વ્યાપાર કરવામાં સરળતા લાવવાનો માર્ગ મોકળો કર્યો છે. GST લાગુ થતા વેપારીઓ અને ગ્રાહકો માટે કરની ગણતરી અને તેને ભરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ બની છે. આ ઐતિહાસિક કર સુધારણાના કારણે છેલ્લા ૮ વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં ગુજરાતનું યોગદાન નોંધપાત્ર રીતે વધ્યું છે. GSTએ ગુજરાતને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને ગતિશીલ અર્થતંત્ર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

# રાજયમાં ૫૦%થી વધુ વિસ્તારમાં ખરીફ - ચોમાસુ વાવણી કાર્યપૂર્ણ

ગાંધીનગર,તા.૦૮

રાજ્યમાં ચાલુ ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૭ જુલાઈ ૨૦૨૫ની સ્થિતિએ જગતના તાત એવા ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં ૫૦.૩૨ ટકા વિસ્તારમાં ખરીફ -ચોમાસું વાવણી પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.જેમાં સૌથી વધુ ૧૭.૫૯



લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્યભરમાં બીજા ક્રમે ૧૭.૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં કપાસ જ્યારે ૩.૧૦ લાખ હેક્ટરમાં ઘાસચારો,૧.૫૮ લાખ હેક્ટરમાં સોયાબીન,૧.૦૩ લાખ હેક્ટરમાં શાકભાજી તેમજ ૮૦ હજાર હેક્ટરમાં મકાઈનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સિવાય મુખ્યત્વે પાકમાં બાજરી, ડાંગર, તુવેર, મગ, મઠ, એરંડા, ગવાર અને જુવાર એમ અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૪૩.૦૫ લાખ હેક્ટર વિસ્તારમાં એટલે કે ૫૦.૩૨ ટકા વિસ્તારમાં ખરીફ વાવણી પૂર્ણ કરવામાં આવી છે તેમ, કૃષિ વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે.

**મગફળીનું ૧૭.૧૦ લાખ હેક્ટરમાં વાવેતર કરાયુ**

# કોડીનારના મુળ દ્વારકા રોડ કાર સાથે ટક્કર થતા રીક્ષાચાલકનું કરૂણ મોત

કોડીનાર,તા.૦૮

કોડીનાર પંથકમાં વારંવાર અકસ્માતની ઘટનાઓ બને છે ત્યારે ફરી એકવાર કોડીનાર પંથકનો હાઈ-વે રક્તરંજીત બન્યો છે. જેમાં મુળ દ્વારકા રોડ પર છકડો રીક્ષા અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં રીક્ષાચાલકનું કરૂણ મોત થયુ હતુ. મુળ દ્વારકાના પ્રતાપભાઈ રામભાઈ વાળાની વાડી પાસે



સામેથી આવતી કાર રીક્ષાને હડફેટે લીધી હતી. જેથી રીક્ષાચાલક દેવદાસભાઈ રોડ પર ફંગોળાઈ ગયા હતા. જેથી દેવદાસભાઈને માથામાં ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાંથી વધુ સારવાર અર્થે જૂનાગઢ ખેસડવામાં આવતા રીક્ષાચાલક દેવદાસભાઈનું સારવાર દરમિયાન મોત થયુ હતુ. આ ઘટનાની જાણ થતા પોલીસે અકસ્માતનો ગૂનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કોડીનારમાં ગાયત્રી પરિવાર અખંડ જયોતિ કળશ યાત્રાનું સ્વાગત કરાયું



કોડીનાર,તા.૦૮

કોડીનારની ભ.ભા વિદ્યાલયમાં ગાયત્રી પરિવારની અખંડ જયોતિ કળશ યાત્રાનું શુક્રવારે આગમન થતાં તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના પ્રાંગણમાં આચાર્ય હરિસિંહ દાહીમા, સુપરવાઈઝર ભાસ્કરભાઈ પરમાર, ડી,જી, રાઠોડ, સમગ્ર સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓએ રથના પથ પર ફૂલો બિછાવી સ્વાગત કર્યું હતું.

# તાલાલા ગીરથી પ્રાંચી તરફ જતા ટેમ્પાનો અકસ્માત, ચાલકનું મોત

ઉના,તા.૦૮

તાલાલા ગીરથી પ્રાંચી તરફ જતો દૂધ ભરેલ ટેમ્પો જશાધાર ગામ પાસે ચાલકે સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા ટેમ્પો ડાયાભાઈ વાજાનાં રહેણાંક મકાનનાં વંડા સાથે ધડાકાભેર અથડાયો હતો. અકસ્માતના કારણે મકાનના વંડાને નુકસાન થયું હતું તેમજ પલ્ટી મારી જતા ટેમ્પાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.



કેબીનમાં દબાઈ જતાં ટેમ્પાના ચાલક મનીષભાઈ મણીભાઈ રાઠોડ ઉ.વ.૨૫ રહે.સાંગોદ્રા ગીરને હાથ પગ અને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે જ મરણ થયું હતું. પોલીસે ઘટનાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.


## મહે. શ્રીલાઠીતાલુકામેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાંમુ. લાઠી

ફો. પ. અ. નં. ૯૦/૨૦૨૫

**અરજદાર :-** માલવિયા માધવજીભાઈ પોપટલાલ ઉ.વ. પુખ્ત
ધંધો નીવૃતી ધર્મે હિન્દુ/પટેલ
રહે.અલીઉદેપુર, તા.લાઠી, જી.અમરેલી હાલ અમદાવાદ

- //વિરૂધ્ધ//-

**સમાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારી ત.ક.મ. અલીઉદેપુર ગ્રામ પંચાયત

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે અલીઉદેપુર ગામના રહેવાસી છે. અરજદાર પોતે માલવિયા માધવજી પોપટલાલ ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે માલવિયા માધવજી પોપટલાલ નો જન્મ જે તે સમયે અલીઉદેપુર મુકામે જન્મ તારીખ-૨૫/૦૮/૧૯૫૯ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ: ૨૪/૦૭/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિ રહેવું તેમા કરવા મા કસુરથયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

સહી
શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા
મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી

## એમ.સી.રાજ્યગુરૂ, તાલુકાએકઝીકયુટીવમેજીસ્ટ્રેટ, લાઠીનીકોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૬૧/૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫

**વિવાદી :-** શ્રી હંસાબેન મનજીભાઈ ભાદાણી
ઠે.બ્રાંભણીયા, તા.કુકાવાવ, જી.અમરેલી
C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી પી. પી. પરમાર
૨૦, ધર્મશાળા શોપીંગ સેન્ટર, તાલુકા પંચાયત સામે,
લાઠી. મો.૯૯૭૯૧ ૪૦૨૯૯

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.શેખપીપરીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના હંસાબેન મનજીભાઈ ભાદાણી નો જન્મ તા.૦૧/૦૫/૧૯૭૨ના રોજ શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૪/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## જાહેર નોટિસ

આથી હું એસ.એલ.બગડા(એડવોકેટ) તે આમારા અસીલશ્રી મનહરસિંહ રાણા રહે, ગોંડલ ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે આમારા અસીલશ્રી મનહરસિંહ રાણા રહે, ગોંડલ નીચેના પરિશિસ્ટમાં દર્શાવેલ મિલકત વેચાણથી ખરીદ કરવા માંગે છે

સદરહુ મિલકત પરત્વે કોઈ વ્યક્તિ, સંસ્થા કે, કોઈ પણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ પ્રકારનો હક્ક,હિત બોજો,ચાર્જ,લીયન,ભરણપોષણ, કે અન્ય કોઈ હક્ક હોય કે સદરહુ જમીન માટે કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે, મોલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હક્ક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૧૦ માં નીચે સરનામે લેખિતમાં રૂબરૂ અથવા રજી, અડીથી જાણ કરવી. દિન-૧૦ના સમય વિત્યા બાદ કોઈના આ અંગે હરકત,વાંધો તકરાર, સરખું નથી અને હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છેતેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહિ જેથી લગતા વળગતા સર્વે એ નોધ લેવી.

પરિશીષ્ટ

ગુજરાત રાજયના અમરેલી જિલ્લના લીલયા મોટા તાલુકાના મોજે કુતાણ ગામનાં ખેડ ખાતા નં.૬૯૮ જેનો સર્વે નં ૩૬/૨ પૈકીઉ/પૈકી ૧ ની કુલ જમીન હે.આરે-૦-૮૦-૯૪ તે તમામ શ્રી ઠકરાર પુષ્પાબેન ગોરધનદાસ રતનઘયરા ચેતનાબેન મોહનભાઈ, રતનઘયરા વિજયકુમાર મોહનભાઈ, રતનઘયરા તુપ્તબેન મોહનભાઈ, રતનઘયરા આશિષકુમાર મોહનભાઈ, રહે. કુંતીણા વાળાની સયુંકત માલિકીની, ખેતીની જમીન આમારા અસીલશ્રી મનહરસિંહ રાણા રહે, ગોંડલ તા. ગોંડલ, જી. રાજકોટ વાળા ખરીદ કરવા માંગે છે.

તે આમારા અસીલની સુચનાથી
એસ.એલ.બગડા
એડવોકેટ

તારીખ : ૦૮/૦૭/૨૦૨૫

ઓફીસઃ- લીલીયા મોટા, ડો.આંબેડકર નગર,
SBI બેન્કની બાજુમાં, તા.લીલીયામોટા.
જી.અમરેલી મો. ૯૯૦૪૩૬૩૬૦૮


# રાજકોટ સિવીલ હોસ્પિટલમાં હૃદયરોગની સારવાર શરૂ કરાઈ

રાજકોટ,તા.૦૮

રાજકોટ સિવિલ હોસ્પિટલના પી.એમ.એસ. એસ.વાય. બિલ્ડિંગના પહેલા માળે આ હૃદયરોગ ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ થયો છે. અત્યાર સુધી સૌરાષ્ટ્રમાંથી હૃદયરોગના દર્દીઓને નિદાન-સારવાર માટે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી લાંબા થવું પડતું હતું, જેમાં સમય અને નાણાંનો વ્યય થતો હતો. આ નવી સુવિધા શરૂ થતાં દર્દીઓને ઘર આંગણે સરકાર દ્વારા આયોજિત આ ફ્રી સુવિધાનો લાભ મળશે, જેનાથી તેમની મુશ્કેલીઓ મોટા પ્રમાણમાં ઓછી થશે આ ઓ.પી.ડી. સોમવારથશે.શનિવાર સુધી સવારે ૯ કલાકથી બપોરના ૧ કલાક સુધી કાર્યરત રહેશે. આ ઉપરાંત, બપોરે ૪ કલાકથી ૫ કલાક દરમિયાન ફોલોઅપ ઓ.પી.ડી. પણ કરવામાં આવશે. રવિવાર અને જાહેર રજાઓને બાદ કરતાં કાર્યકારી દિવસોમાં આ સેવાનો લાભ મેળવી શકાશે.

### ડીવાયએસપી, પીઆઈ સહિત પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે

# અમરેલીમાં અસામાજિક તત્વોના ઘર પર બુલડોઝર ફર્યું








## વિવિધ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનેગારો સામે કડક કાર્યવાહી

અમરેલી,તા.૦૮

રાજ્યના મોટા શહેરો સહિત અનેક વિસ્તારોમાં અસામાજિક તત્ત્વોનો કહેર વધતો જાય છે. ત્યારે અમરેલી શહેરની પ્રજામાં ભય ફેલાવનારા આરોપીના મકાન પર હથોડા મારી તોડી પાડ્યા બાદ બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતુ. પોલીસ બંદોબસ્ત વચ્ચે મંગળવારના રોજ ત્રણ મકાનો બુલડોઝર અને હથોડા વડે તોડી પાડવામાં આવ્યા હતા. ગુજરાતમાં અસામાજિક તત્વોનો ત્રાસ વધી જતાં રાજ્યના DGP વિકાસ સહાયે ગૂંડાતત્વોની યાદી બનાવી તેમની સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.અમરેલી જિલ્લામાં ૧૧૩ જેટલા તોફાની તત્વોની યાદી બનાવ્યા બાદ ફરી કાર્યવાહી કરવામાં આવી છે.અમરેલીમાં ત્રણ અસમાજિક તત્વોના ઘર પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.પોલીસના ચૂસ્ત બંદોબસ્ત સાથે તંત્ર દ્વારા ગેરકાયદે દબાણ તોડવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી. અમરેલી શહેરમાં પોલીસ અને તંત્રએ સાથે મળીને કામગીરી શરૂ કરી હતી. અસમાજીક તત્વોએ કરેલા દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયુ હતું. દીવાલ અને પાર્કિંગ પણ તોડી નાંખવામાં આવ્યા હતા. મંગળવારે વહેલી સવારથી પોલીસના કાફલા વચ્ચે પુના રામભાઈ જોગરવા(ભરવાડ) રહે. કુંકાવાવ રોડ, સોમનાથ મંદિર પાસે, ધર્મેશ મનુભાઈ વાળા રહે. રીકડીયાપરા અને જીતુ લખુભાઈ ખાખડીયા રહે. રીકડીયાપરા વાળાના રહેણાંક મકાન પર બુલડોઝર ફેરવાવમાં આવતા અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. આગામી દિવસોમાં હજુપણ કેટલાક અસામાજીક તત્વો સામે આવી કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે.

### ૧ પીઆઈ, ૩ પીએસઆઈ સહિત ૧૨૫ પોલીસ કર્મીઓનો કાફલો

**અમરેલી શહેરમાં ત્રણ ગુંડા તત્વો સામે પોલીસ કડક કાર્યવાહી હાથ ધરતા વહેલી સવારથી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મકાનો પર બુલડોઝરની કામગીરીમાં શહેર પીઆઈ, ૩ પીએસઆઈ અને ૧૨૫ પોલીસ કર્મચારીએ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો જયારે ડીવાયએસપી ચિરાગ દેસાઈએ સમગ્ર ઘટનાનું મોનટરીંગ કર્યુ હતુ.**

### સૌથી વધુ ગુના ધમેન્દ્ર વાળા સામે નોંધાયેલા છે

**અમરેલી શહેરમાં બુટલેગર તરીકે કુખ્યાત ધમેન્દ્ર વાળા સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ૧૯, સીટી પોલીસ સ્ટેશનમાં બે અને ખાંભા, ઉમરાળા પોલીસ સ્ટેશનમાં પણ પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે. જયારે પુના ભરવાડ સામે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ૬ ગૂના, અને જીતુ લખુભાઈ ખાખડીયા સામે અમરેલી તાલુકા અને સીટી પોલીસમાં ૨-૨ અને લીલીયા પોલીસ સ્ટેશનમાં એક ગૂનો નોંધાયો હતો.**

### દિવાલ, પાર્કિગને પણ તોડી પાડવામાં આવ્યુ

**આ ગેરકાયદે દબાણો પર આજે પોલીસની હાજરીમાં બુલડોઝર ફેરવી દેવાયુ હતું. દીવાલ અને પાર્કિંગ પણ તોડી નાંખવામાં આવ્યા હતાં. અમરેલીમાં પોલીસે તૈયાર કરેલી ગૂંડાતત્વોની યાદી પર કામગીરી શરૂ કરી દેવામાં આવતા ફફડાટ ફેલાયો છે. ગુંડાતત્વોએ ગેરકાયદે કરેલા દબાણો તોડવા માટેની શરૂઆત કરી દેવાઈ છે. આ કાર્યવાહીથી ગૂંડાતત્વોમાં ફફડાટ ફેલાયો છે.**

# માણસ દ્વારા ગટર સફાઈની પ્રથા રાજયમાંથી નાબૂદ થવી જ જોઈએ : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૦૮

હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્રની કામગીરી પર નારાજગી વ્યક્ત કરી છે.નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં મેન્યુઅલ સ્કેવેજિંગના કારણે થતાં મૃત્યુના સમાચાર ''ખરેખર હતાશાજનક અને નિરાશાજનક'' છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં, જ્યારે ગટર સફાઈની જરૂરિયાત વધુ હોય છે, ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે સફાઈ કામદારો માટે પૂરતાં સુરક્ષા સાધનો ન હોવાને કોર્ટે



ગંભીર બાબત ગણાવી હતી. કોર્ટે ઉમેર્યું, ''સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના અગાઉના ચુકાદાઓને ધ્યાનમાં રાખીને, મેન્યુઅલ સ્કેવેજિંગની પ્રથા રાજ્યમાંથી સંપૂર્ણ રીતે નાબૂદ થવી જ જોઈએ. આ માટે રાજ્ય સરકારે નક્કર પગલાં લેવા જરૂરી છે.''સુનાવણી દરમિયાન હાઈકોર્ટે અમદાવાદના જજીસ બંગલો વિસ્તારમાં મેન્યુઅલ સ્કેવેજિંગ દરમિયાન એક સફાઈ કામદારના મોતની ઘટના પર ખાસ ધ્યાન દોર્યું હતું. કોર્ટે રાજ્ય સરકારને આ ઘટનામાં સંડોવાયેલા કોન્ટ્રાક્ટર સામે શું પગલાં લેવાયા તેની

### કસૂરવાર કોન્ટ્રાક્ટરને ગેરલાયક ઠેરવીને બ્લેકલિસ્ટ કરવામાં આવશે : સરકાર

માહિતી માગી હતી. જવાબમાં સરકારે જણાવ્યું કે, કસૂરવાર કોન્ટ્રાક્ટરને ગેરલાયક ઠેરવીને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, હવે કોન્ટ્રાક્ટરો પાસેથી લેખિત બાંહેધરી લેવામાં આવે છે કે, કોઈપણ કામદારને ગટરમાં ઉતારવામાં નહીં આવે અને મેન્યુઅલ સ્કેવેજિંગ નહીં કરાવાય.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોને સોંપવામાં આવી

અમદાવાદ,તા.૦૮

અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોને સોંપવામાં આવી છે.એએઆઈબીએ તપાસ માટે એક બહુ-શાખાકીય ટીમની રચના કરી છે. આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ મુજબ રચાયેલી ટીમનું નેતૃત્વ ડીજી એએઆઈબી કરી રહ્યા છે. આ કિસ્સામાં, બ્લેક બોક્સ અને હેન્ડલિંગ કોકપીટ વોઈસ રેકોર્ડર અને ફ્લાઈટ ડેટા રેકોર્ડર બંને મળી આવ્યા છે. ૧૩ જૂન, ૨૦૨૫ ના રોજ અકસ્માત સ્થળ પર ઈમારતની છત પરથી સીવીઆર મળી આવ્યો હતો. તે જ સમયે, ૧૬



જૂન, ૨૦૨૫ ના રોજ કાટમાળમાંથી એફડીઆર મળી આવ્યો હતો. તેમના સુરક્ષિત હેન્ડલિંગ, સંગ્રહ અને પરિવહન માટે માનક સંચાલન પ્રક્રિયાઓ નક્કી કરવામાં આવી હતી. હવે એએઆઈબીએ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને તેનો પ્રારંભિક અહેવાલ સુપરત કર્યો છે.એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૧૭૧, જે ૧૨ જૂને લંડન જઈ રહી હતી, જેમાં કુલ ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો હતા, તે અમદાવાદના મેડિકલ કોલેજ કેમ્પસમાં ક્રેશ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ મુસાફરો, એક વ્યક્તિ સિવાય, મૃત્યુ પામ્યા હતા અને જમીન પર રહેલા લગભગ ૨૯ મુસાફરોના મોત થયા હતા. અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં ૨૭૦ લોકોના મોત થયાના એક અઠવાડિયા પછી,ડીએનએ મેચિંગ દ્વારા ૨૧૫ મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે. ૧૯૮ મૃતદેહો તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે સોંપવામાં આવેલા ૧૯૮ મૃતદેહોમાં ૧૪૯ ભારતીય, ૩૨ બ્રિટિશ, સાત પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિકનો સમાવેશ થાય છે.

# એફઆરસીની મંજૂરી વિના અમરેલી સહિત સૌરાષ્ટ્રની ખાનગી શાળાઓમાં રાતોરાત ફી વધારી દેવાઈ

રાજકોટ,તા.૦૮

રાજકોટમાં સૌરાષ્ટ્ર ઝોન ફી નિયમન સમિતિ (એફઆરસી)ની કામગીરીમાં ગંભીર ખામીઓ સામે આવી છે, જેના કારણે લગભગ ૫,૦૦૦ ખાનગી શાળાઓની ફી નિયંત્રણ વિના ચાલી રહી છે. આશ્ચર્યજનક રીતે એફઆરસીના ચેરમેનની નિમણૂક છેલ્લા પાંચ મહિનાથી થઈ નથી, જેના પરિણામે ૬૦૦થી વધુ શાળાઓની ફી નક્કી થઈ શકી નથી.ઘણી શાળાઓએ એફઆરસીની મંજૂરી વિના જ ફીમાં બારોબાર વધારો કરી દીધો છે,જેનો બોજ ૨ લાખથી વધુ વાલીઓ ઉઠાવી રહ્યા છે. આ ઘટનાએ શિક્ષણ



ક્ષેત્રે નિયમનની ખામીઓ અને વાલીઓની મુશ્કેલીઓને ઉજાગર કરી છે.સૌરાષ્ટ્ર ઝોન એફઆરસી જે રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર અને બોટાદની ખાનગી શાળાઓની ફી નિયંત્રિત કરે છે, તે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ચેરમેન વિના કાર્યરત છે. તત્કાલીન ચેરમેન પી.જે. અગ્રાવતના રાજીનામા બાદ નવા ચેરમેનની નિમણૂક માટે હાઈકોર્ટના નિવૃત્ત જજની પસંદગી જરૂરી છે, પરંતુ આ પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે.

# ભેંસાણ નજીક અમર સંકુલમાં બાળકો સાથે થયેલા સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્યમાં ફરીયાદ કરાશે

જૂનાગઢ, તા.૦૮




ભેંસાણમાં શાળાના આચાર્ય અને શિક્ષક દ્વારા બાળકો સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવાના મામલામાં જિલ્લા શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાય દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં બાળકો સાથે કુકર્મ થયાં હોવાનું સામે આવ્યું છે. હવે આ મામલે બે બાળકોના નિવેદનને આધારે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવશે. હિરેન જોશી અને કેવલ લાખણોદરા નામના આરોપી આચાર્ય અને શિક્ષક સામે ફરિયાદ દાખલ કરાશે.

સ્કૂલના ટ્રસ્ટી મંડળ દ્વારા આ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવાયો છે. હાલ આરોપી આચાર્ય અને શિક્ષકને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.મહત્વનું છે કે જૂનાગઢ જિલ્લાના ભેંસાણમાં અમર શૈક્ષણિક સંકુલમાં આચાર્ય અને શિક્ષક દ્વારા બાળકો સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય થયાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ હડકંપ મચી ગયો હતો.

# ભુજના નાગોર રેલવે નજીક પાણીના ખાડામાં ડૂબી જવાથી બે સગ્ગી બહેનોના કરૂણ મોત

ભુજ,તા.૦૮

ભુજ તાલુકાના નાગોર રેલવે નજીક આવેલા પાણીના ખાડામાં ડૂબી જવાથી બે સગી બહેનોના મોત નીપજવાની ઘટના સામે આવી છે. આ બનાવની વિગત મુજબ ભુજ તાલુકાના નાગોર ગામે આવેલા રેલ્વે બ્રિજ નજીકના પાણીના ખાડામાં બે સગી બહેનો પાણી ભરવા ગઈ હતી આ દરમિયાન બંને બહેનો ન્હાવા માટે પણ પડી હતી. જોકે રેલવે બ્રિજ પાછળ આવેલો આ ખાડો ઊંડો હોવાના કારણે આ બંને સગી બહેનો ડૂબી ગઈ હતી. આ ઘટનાની જાણ થતા સ્થાનિકોએ



સ્થળ પર પહોંચ્યા હતા અને સમગ્ર ઘટના અંગે પોલીસને પણ જાણ કરવામાં આવી હતી.તેમના નામ ૧૮ વર્ષીય અમીતા સમા અને ૧૬ વર્ષની અફસાના હોવાનું જાણવા મળ્યું હતું. સ્થાનિકોએ મહા મહેનતે તેમને બહાર કાઢી હતી અને તેમને જીકે જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કરી હતી. વરસાદી પાણીના ખાડામાં ડૂબી જવાથી બંને સગી બહેનોના મૃત્યુ થયા હતા પરિણામે પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.






